Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

## ❁ શ્રી જિનેન્દ્રદેવનું ધર્મચક્ર જગતનું કલ્યાણ કરો ❁




# * આત્મામાં ધર્મચક્ર ચાલુ કરો *


દુઃખથી થાકેલો ને અંદરથી ધા નાખતો જિજ્ઞાસુ જીવ અતીન્દ્રિય આનંદનો તીવ્ર ચાહક બન્યો છે. તેને સંસારનો કલબલાટ છોડી અંતરમાં આત્મપ્રાપ્તિનું એક જ ધ્યેય છે. દુનિયાના કોલાહલથી કંટાળેલું તેનું ચિત્ત આત્મશાંતિને નજીકમાં દેખીને તે તરફ એકદમ ઉલ્લસે છે. જેમ માતાને તલસતું બાળક માતાને દેખતાં આનંદથી ઉલ્લસે છે ને દોડીને તેને ભેટી પડે છે, તેમ આત્મા માટે તલસતું મુમુક્ષુનું ચિત્ત આત્માને દેખીને આનંદથી ઉલ્લસે છે ને જલ્દી અંદરમાં જઈને તેને ભેટે છે. તે મુમુક્ષુ બીજા જ્ઞાનીઓની અનુભૂતિની વાત પરમ પ્રીતિથી સાંભળે છેઃ અહો, આવી અદ્‌ભુત અનુભૂતિ! – આમ પરમ ઉત્સાહથી તે પોતાના સ્વકાર્યને સાધે છે. તેના આત્મામાં ધર્મચક્ર ચાલુ થાય છે.

સાધર્મીઓ! વીરનિર્વાણના આ અઢીહજારવર્ષીય મહાન ઉત્સવમાં આવી મંગલમય જ્ઞાનદશા પ્રગટ કરીને આત્મામાં ધર્મચક્ર ચાલુ કરો, ને મહાવીરપ્રભુના માર્ગમાં આવી જાઓ.


卐 તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૫૦૧, ફાગણ ( લવાજમ : છ રૂપિયા ) વર્ષ ૩૨ : અંક ૫ 卐

# અમે પંચપરમેષ્ઠીના ભક્ત છીએ



એક માણસે કોઈ ધર્મી–શ્રાવકને પૂછ્યું: તમે સાધુને માનો છો ?

ધર્મી–શ્રાવકે વિવેકથી કહ્યું: જી! અમે પાંચે પંચપરમેષ્ઠીભગવંતોને માનીએ છીએ; જે સાધુ પંચપરમેષ્ઠીભગવંતોમાં આવી જતા હોય તેમને જરૂર માનીએ છીએ...તે પંચપરમેષ્ઠીની પંક્તિમાં છે કે નહીં–તેનો વિચાર તો તમે જ કરો.

જગતમાં અનંત સિદ્ધભગવંતો, લાખો અરિહંતભગવંતો, તથા કરોડો મુનિભગવંતો–તેમને જ્ઞાનમાં સ્વીકારીને દરરોજ (પંચનમસ્કારમંત્રદ્વારા) પરમભક્તિથી તેમને નમસ્કાર કરીએ છીએ.

અરે, પંચપરમેષ્ઠીભગવંતો–અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, – તે તો જગતમાં સર્વોત્તમ મંગળરૂપ છે,–એને કોણ ન માને ? કોણ ન વંદે ? એવો તે કયો જૈન–બચ્ચો છે–કે જે પંચપરમેષ્ઠીને ન માને! ઇન્દ્રો અને ચક્રવર્તીઓનું શિર પણ જેમના ચરણે ઝુકી જાય એવા રત્નત્રયવંત ભગવંતો–તેમને કયો ધર્માત્મા ન આદરે ? અહો! તેમના સાક્ષાત્ દર્શનની તો શી વાત! તેમના નામનું સ્મરણ પણ મંગળરૂપ છે.

અહા, આવા પંચપરમેષ્ઠીપદમાં જે બિરાજતા હોય, એને વળી 'બીજા મને માને છે કે નથી માનતા' એની ચિંતા કેવી ? ચૈતન્યપદમાં લીનતા આડે, બહારમાં ઇન્દ્રાદિ કોણ નમે છે! ને કોણ મિથ્યાદૃષ્ટિઓ નથી નમતા–એ જોવાની ફૂરસદ જ કોને છે ? તે તો નિરપેક્ષ છે; પરંતુ બીજા જીવને તેમનાં ગુણો દેખીને પ્રમોદ જરૂર આવે છે...ગુણને દેખીને પ્રમોદ ન આવે–એને ધર્મપ્રેમ કેવો ? આવા પંચપરમેષ્ઠી પદ તે તો જગતપૂજ્ય છે, આત્માના પરમ ઇષ્ટ પદ છે. આવા પંચપરમેષ્ઠીને દેખીને પણ તેમના ચરણોમાં જેનું શિર ન ઝુકે તે જૈન કેવો ? તે મુમુક્ષુ કેવો ? જૈન મુમુક્ષુનું હૃદય તો પંચપરમેષ્ઠીને દેખતાં જ તેમના ગુણો પ્રત્યે પરમભક્તિથી નમી પડે છેઃ અહો રત્નત્રયના ભંડાર! તમારા જેવા ગુણોની પ્રાપ્તિ માટે હું તમને નમસ્કાર કરું છું.

# ❀ ભગવાન મહાવીરનું ધર્મચક્ર ❀
## ( સંપાદકીય )
### ( સમ્યક્ આત્મભાવોની પ્રાપ્તિ એ જ સાચો મહોત્સવ )

અત્યારે આપણે સૌ મહાવીર ભગવાનના નિર્વાણનો અઢીહજારવર્ષીય મહાનઉત્સવ ઊજવી રહ્યા છીએ. ભગવાનનું ધર્મચક્ર ભારતમાં ઠેરઠેર પ્રવર્તી રહ્યું છે, ને સમસ્ત જનતા એકમેક થઈને અત્યંત ઉત્સાહથી તેનું સ્વાગત કરી રહી છે.

અહા, જગતને હિતકારી એવો ધર્મોપદેશ દેતાદેતા, ને ચૈતન્યના અપરંપાર મહિમાને પ્રસિદ્ધ કરતા-કરતા વીરનાથપ્રભુ જ્યારે ધર્મચક્ર સહિત આ ભરતક્ષેત્રમાં વિચરતા હતા...તેની થોડીક ઝાંખી અત્યારે થઈ રહી છે. આપણે પણ પ્રભુના શાસનમાં છીએ, ને પ્રભુએ ચલાવેલું ધર્મચક્ર આજે પણ ચાલી રહ્યું છે.

પ્રભુના ધર્મચક્રનો ઉત્સવ ઉજવતાં આપણી,-સૌ જૈનોની મુખ્ય જવાબદારી એ છે કે આપણા ભગવાનનો ઉત્સવ ઉજવતાં આપણા સૌમાં વીતરાગભાવની જ વૃદ્ધિ થાય; ઉત્સવને લગતા વર્ષભરના કાર્યક્રમોમાં કે પ્રચારમાં એવું કાંઈ ન થાય કે જેથી ક્યાંય ક્લેશ થાય; -અપિ તુ જુની કોઈ કટુતા હોય તો તે પણ દૂર થઈને, પરસ્પર પ્રેમ -વાત્સલ્ય વધે એમ કરીને આપણે સૌએ ઉત્સવને શોભાવવાનો છે.

વીરનાથના શાસનમાં રહેલા આપણા સૌનો ઉદ્દેશ એક જ છે - પછી **ક્લેશ**નું કારણ જ ક્યાં છે? જાગૃત રહો-કે આપણે ભગવાનનો ઉત્સવ ઉજવીને તેમના માર્ગે જવાનું છે. આપણે સમ્યગ્દર્શન-જ્ઞાન -ચારિત્રવડે ભગવાનના માર્ગમાં જેટલા ચાલીશું તેટલી જ ઉત્સવની સફળતા થશે. ઉત્સવમાં લાખો માણસો કે કરોડો રૂપિયા ભેગા થાય એના કરતાં બે-પાંચ વ્યક્તિ પણ સમ્યક્ ભાવોને પ્રાપ્ત કરે તે વધુ મહત્ત્વનું છે. 'સમ્યક્ આત્મભાવોની પ્રાપ્તિ-એ જ મહાવીરનો સાચો મહોત્સવ છે'-આ મહત્વના મંત્રને સામે રાખીને આપણે ભગવાનનો ઉત્સવ ઉજવીએ.

જય મહાવીર.

# સમ્યક્ત્વ-જીવન

( સમ્યક્ત્વ-લેખમાળા લેખાંક ૯ )

સમ્યક્ત્વ માટે મુમુક્ષુ જીવનું જીવન કેવું હોય? સમ્યક્ત્વની ભાવના વખતે અંદર કેવા ભાવો હોય? ને સમ્યક્ત્વ પછી કેવું સુંદર જીવન હોય? તે સંબંધી આઠ વિવિધ લેખોનું સમ્યક્ત્વ-લેખમાળામાં સંકલન કરવામાં આવ્યું છે. આ સંકલન દરેક જિજ્ઞાસુઓને ખૂબ જ ગમ્યું છે. પ્રથમના આઠ લેખો આત્મધર્મમાં તેમ જ 'સમ્યગ્દર્શન'–પુસ્તકના પાંચમા ભાગમાં છપાઈ ગયા છે. ત્યારપછીના બીજા આઠ લેખો અહીં આપવામાં આવશે. ( સં. )

* * * * *

આત્મસન્મુખ થયેલ જીવને પહેલે જ ધડાકે રાગનાં પોષક એવા કુદેવ–કુગુરુનું સેવન અંતરથી છૂટી જાય છે, એટલે તેને ગૃહીત–મિથ્યાત્વ છૂટી ગયેલ હોય છે; અને સાચા દેવ–ગુરુ–ધર્મ કે જેઓ આત્માની સાચી શાંતિનો માર્ગ બતાવે છે તે તેને ગમી જાય છે, એટલે જ્ઞાનમાં તેમના સ્વરૂપનો બરાબર નિર્ણય કરીને તેમના પ્રત્યે અર્પણતા કરી હોય છે. નવ તત્ત્વના ભિન્ન ભિન્ન ભાવોને જેમ છે તેમ વિચારે છે; શુભરાગ વગેરે બંધભાવને નિર્જરામાં ખતવતો નથી, તેમજ તેને સમ્યગ્દર્શનાદિ–સંવર–નિર્જરાનું કારણ માનતો નથી; એ રીતે નવતત્ત્વ જેમ છે તેમ બરાબર જ્ઞાનમાં જાણે છે.

જે જિજ્ઞાસુને પાંચે ઇન્દ્રિયોના વિષયોમાંથી સુખબુદ્ધિ ઘટી ગયેલ હોય છે, ને આત્માના સુખનો રંગ લાગેલ હોય છે. માંસ–મધ–ઈંડા કે દારૂને તો તે અડતો પણ નથી, ને જુગાર–સિનેમા–રાત્રિભોજન વગેરે તીવ્રપાપથી પણ તે દૂર રહે છે. અરે, જેમાં શાંતિની ગંધ પણ નથી એવા નિષ્પ્રયોજન પાપકાર્યો તે શાંતિના ચાહક જીવને કેમ ગમે? સત્સમાગમ, વીતરાગની પૂજા–ભક્તિ, આત્મશાંતિના પોષક ગ્રંથોનું વાંચન, મનન તેને ખૂબ ગમે છે. તેમાં જે શુભપરિણામ થાય છે તેને અને તે વખતના જ્ઞાનરસના ઘોલનને તે જુદા–જુદા ઓળખે છે; તેમાંથી તે રાગના ભાગને ધર્મનું સાધન માનતો નથી; તે રાગ

સિવાયનો જ્ઞાનરસ કેવો છે, તે જ્ઞાની પાસેથી તથા શાસ્ત્રથી સમજીને પોતાના વેદનથી તેનો નિર્ણય કરે છે.

જ્ઞાનીની અનુભૂતિ–અનુસાર ભેદજ્ઞાનના અભ્યાસ વડે વારંવાર પોતાના નિર્ણયને ઘૂંટે છે, તેનો રસ વધતો જાય છે, અને બહારની બીજી વાતમાંથી રસ ઓછો થતો જાય છે.–આ રીતે મોહનું જોર તૂટતું જાય છે ને જ્ઞાનનું જોર વધતું જાય છે. આ પ્રકારે પરિણામને બીજા કાર્યોમાંથી નિવૃત્ત કરીકરીને અંતરમાં ભેદજ્ઞાનની સ્ફુરણા કરતો જાય છે. જેમકે, હું એક શુદ્ધજ્ઞાયક છું; મારા જ્ઞાયકતત્ત્વની પરિણતિ પણ જ્ઞાનરૂપ છે; તેમાં દ્રવ્યકર્મ–ભાવકર્મ કે નોકર્મ નથી. હું અસંખ્યપ્રદેશે ભરેલા મારા અનંતગુણથી સ્વતંત્ર છું; હું મારા દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી પૂરો છું અને પરવસ્તુના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની સાથે મારે કાંઈ સંબંધ નથી,–હું તથા પરદ્રવ્ય બધાય સ્વતંત્ર છીએ તેથી પરદ્રવ્યનું કાંઈ કરી શકું નહીં, તેમજ પરદ્રવ્ય મને કાંઈ લાભ કે નુકશાન કરી શકે નહીં. –આવી સમજણને લીધે તેને પરપ્રત્યે નિરપેક્ષવૃત્તિ હોય છે, એટલે પરમાં રાગ–દ્વેષ કે ક્રોધ–માનાદિ કષાયોનો રસ ઘણો જ ઘટી ગયેલ હોય છે, તેને બહારના કાર્યોમાં હઠાગ્રહ રહેતો નથી પણ સમાધાન કરતો હોય છે, તેથી તેને આકુળતા ઓછી થાય છે; પોતાના જોરને તે ચૈતન્ય તરફ જ કેન્દ્રિત કરવા મથે છે.

આ પ્રમાણે આત્માનું સ્વરૂપ જ્ઞાની પાસેથી જાણીને વારંવાર અભ્યાસ કરીને આત્માનો મહિમા દ્રઢ કરતો જાય છે અને પછી તેના જ ધ્યાનમાં એકાગ્રચિત્તે આત્માનો વારંવાર અભ્યાસ કરતાં–કરતાં આત્મામાં લીન થવાની તલપ લાગે છે. અન્ય નિષ્પ્રયોજન વિચારોથી દૂર ખસીને એક આત્મા સંબંધી જ ચિંતનમાં તે ઊંડો ઊતરે છે. હજી ગુણ–ગુણીના ભેદના વિકલ્પ છે, પણ તે વિકલ્પથી જુદું જ્ઞાન લક્ષમાં લીધું છે એટલે વિકલ્પમાં અટકવા માંગતો નથી, પણ વિકલ્પથી પાર એવા જ્ઞાનનો સ્વાદ લેવા માંગે છે.–આ રીતે તે જીવ જ્ઞાનસ્વભાવને આંગણે આવ્યો છે. હજી નિર્વિકલ્પ સ્વસંવેદન થયેલ નથી, પણ સ્વભાવમાં જવા માટે પુરુષાર્થ તૈયાર થવા માંડયો છે. રાગ કરતાં જ્ઞાન તરફનું જોર વધતું જાય છે. આવો વારંવાર પુરુષાર્થ કરતાં આત્મમહિમાનો ચૈતન્યરસ જ્યારે પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે તેનો ઉપયોગ સૂક્ષ્મ વિકલ્પથી પણ એકાએક જુદો પડીને, ઇન્દ્રિયાતીત અંતર્–સ્વભાવમાં અભેદ થાય છે એટલે કે નિર્વિકલ્પ થઈ જાય છે. આવી નિર્વિકલ્પ અનુભવદશાપૂર્વક ભગવાન આત્માનું સમ્યગ્દર્શન થાય ત્યારે તેની સાથે કોઈ અપૂર્વ આનંદ ને અપાર શાંતિ વેદાય છે. બસ, ત્યારથી તે જીવ મોક્ષમાર્ગમાં દાખલ થઈ જાય છે.

**અહા, એ દશા ધન્ય છે........કૃત્યકૃત્ય છે;**
**એ દશાવાળા આરાધક જીવો વંદનીય છે.**

## હવે સમ્યગ્દર્શન થયા પછી તેની રહેણી–કરણી તથા વિચારધારા કેવા પ્રકારની હોય તે જોઈએ–

જ્યારે જીવને સમ્યગ્દર્શન થાય છે ત્યારે, તેને પૂર્વમાં કોઈ વખત ન આવ્યો હોય તેવો અપૂર્વ આનંદ પ્રગટે છે. આત્માનો અનુભવ થતાં પોતાને અને પરને બરાબર જુદા જાણે છે, અને પોતાના પરથી જુદાપણાની પ્રતીત તેને ચોવીસે કલાક રહે છે. તે જગતના પરજ્ઞેયોને પણ પહેલાં કરતાં અપૂર્વ રીતે દેખે છે, કેમકે પરને ખરેખર પરરૂપે પહેલાં કદી જાણ્યું ન હતું; હવે પરમાં મારાપણાની ભ્રાન્તિ ટળી ગયેલ હોય છે, તેથી પરને જાણતાં છતાં તેનાથી વિરક્ત રહે છે; તે પરભાવનો કર્તા થતો નથી પણ તેનાથી ભિન્ન ચેતનાવડે જ્ઞાતા જ રહે છે, ચૈતન્યસુખનો સ્વાદ ચાખી લીધો હોવાથી હવે પરમાં ક્યાંય સુખબુદ્ધિ કે ઇષ્ટપણાની બુદ્ધિ સ્વપ્નેય થતી નથી. તે સ્વસમય અને પરસમયને બરાબર અનુભવસહિત જુદા જાણે છે, તેને કેવળજ્ઞાનનું બીજ પ્રગટી ગયેલ છે, અતીન્દ્રિય આનંદના અંકૂરા પણ ફૂટયા છે; તેની દ્રષ્ટિમાં આખા આત્માનો સ્વીકાર થઈ ગયો છે; તેને અનંત ગુણોના નિર્મળ અંશથી ભરેલી અનુભૂતિ નિરંતર વર્તે છે. હજી જેટલી અધૂરાશ કે રાગ–દ્વેષ બાકી છે તેને પણ જ્ઞાની પોતાનો અપરાધ જાણે છે. રાગને જાણવા છતાં જ્ઞાન રાગથી જુદું જ રહે છે. બહારમાં તેની રહેણી–કરણી યથાપદવી હોય છે. જેમકે વીતરાગ પરમાત્મા તથા નિર્ગ્રંથગુરુઓના સ્વરૂપની ઓળખાણ, તેમનું બહુમાન, જિનવાણીની સ્વાધ્યાય, ધર્માત્મા–સાધર્મીઓ પ્રત્યે પ્રેમ, વારંવાર આત્મસ્વરૂપનું મનન તેને હોય છે; તેમજ ગૃહકાર્ય તથા વેપાર–ધંધા કે રાજપાટ વગેરે સંબંધી બહારના કાર્યોમાં પણ જોડાયેલ હોય છે, તે સંબંધી અશુભપરિણામો પણ થાય છે–પણ તેમાં અનંતરસ હોતો નથી. બહારનાં કાર્યો તો, અજ્ઞાનીના તથા સમ્યગ્દ્રષ્ટિના સ્થૂળપણે સરખાં લાગે, પણ અંતરના અભિપ્રાયમાં તથા પરિણામના રસમાં તે બંનેમાં ઘણો જ આંતરો હોય છે.

અજ્ઞાનીને ચૈતન્યસુખના સ્વાદની તો અનુભૂતિ થઈ નથી, એટલે ક્યાંક બીજે તે સુખ માને છે; અને જ્યાં સુખ માને ત્યાં આત્મબુદ્ધિ કરે જ; એટલે અજ્ઞાની દેહ તે હું, પરનાં કાર્ય હું કરું છું તથા પરમાંથી સુખ આવે છે–એમ ભ્રમથી સમજતો હોય છે. પણ જ્ઞાનીને તે ભ્રમણા સર્વથા છૂટી ગઈ હોવાથી તેના અંતરંગ આચરણમાં એક મોટો ફેર પડી ગયો હોય છે–કે જે બાહ્યદ્રષ્ટિથી દેખાય તેવો નથી. જ્ઞાનીને સ્વરૂપના અસ્તિત્વનું બરાબર જ્ઞાન હોવાથી તે પોતાને પોતાપણે, અને પરને પરસ્વરૂપે બરાબર જાણે છે. તેથી

પર સાથે એકત્વબુદ્ધિનું બંધન તો તેને થતું જ નથી. ચારિત્ર અપેક્ષાએ જેટલા રાગ–દ્વેષ છે તેટલું બંધન થાય છે, પણ તે અલ્પ છે, તેનાથી અનંત સંસાર વધતો નથી. જ્યારે અજ્ઞાનીને શુભભાવ હોય તોય તે રાગથી ભિન્ન ચૈતન્યને જ જાણતો હોવાથી તેને મિથ્યાત્વને લીધે અનંત સંસાર ઊભો છે.

ચોથા ગુણસ્થાને જીવને એકવાર શુદ્ધોપયોગપૂર્વક સ્વરૂપનું વેદન થઈ ગયેલ છે, તે તેને ભૂલાતું નથી; અરે ફરીફરી તેવા નિર્વિકલ્પ ઉપયોગ માટે તેને ભાવના રહ્યા કરે છે, તથા ક્યારે સંસારથી વિરક્ત થઈને મુનિ થાઉં અને સ્વરૂપમાં લીન થઈને પૂર્ણ સુખમય બની જાઉં–એવી અંતરંગભાવના નિરંતર હોય છે. સર્વજ્ઞ–સ્વભાવનો અને વસ્તુમાં ક્રમબદ્ધ–પરિણમનનો પણ તેને બરાબર નિર્ણય વર્તે છે. જ્યાંસુધી પૂર્ણપદ ન પમાય ત્યાંસુધી ભેદજ્ઞાન ચાલુ છે, અને પૂર્ણતાના લક્ષે ઊપડયો છે તેની સાધના ચાલુ છે, તે થોડાક વખતમાં પૂર્ણપદને જરૂર પામશે જ.–સમ્યગ્દર્શનનો આ પ્રતાપ છે.

卐 जय सम्यग्दर्शन 卐

❄ ❄ ❄ ❄ ❄

## ❀ આત્મમસ્ત ધર્મી જીવ....
## ....તાકો વંદના હમારી હૈ ❀

ધર્મીજીવ અંતરઅનુભવથી પોતાના સ્વભાવને દેખીને પરમ પ્રસન્ન થાય છે...ચૈતન્યના અનુભવની ખુમારી એના ચિત્તને બીજે ક્યાંય લાગવા દેતી નથી. સ્વાનુભવના શાંતરસથી તે તૃપ્ત–તૃપ્ત છે; ચૈતન્યના આનંદની મસ્તીમાં તે એવા મસ્ત છે કે હવે બીજું કાંઈ કરવાનું રહ્યું નથી...હું જ જ્ઞાન–દર્શન–ચારિત્ર છું, હું જ મોક્ષ છું, હું જ સુખ છું; મારો સ્વભાવ વૃદ્ધિગત જ છે, પરભાવનો મારામાં પ્રવેશ નથી. હું મારા ચૈતન્યવિલાસસ્વરૂપ છું. ચૈતન્યમાં બીજા કોઈની ચિન્તા નથી. એકત્વ ચૈતન્યના ચિન્તનમાં પરમ સુખ છે. સર્વ સુખ–સંપત્તિનો નિધાન એવો હું છું. મારા સ્વરૂપને દેખીદેખીને જો કે પરમ તૃપ્તિ અનુભવાય છે, તોપણ એ અનુભવની કદી તૃપ્તિ થતી નથી, –એમાંથી બહાર આવવાની વૃત્તિ થતી નથી. સ્વરૂપનો બધો મહિમા સ્વાનુભવમાં સમાય છે.–આવી જેની અનુભવદશા...તે જીવ ધર્મી...

— ताको वन्दना हमारी है।

# ❀ અધ્યાત્મ ભાવનાનું ઘોલન ❀

## ( નવીન સ્વાધ્યાયઃ પાહુડ–દોહા )

## ( ૩ )

૬૭. તું ગુણનિલય આત્માને છોડીને ધ્યાનમાં અન્યને ધ્યાવે છે, પરંતુ હે મૂર્ખ! જે અજ્ઞાનથી મિશ્રિત છે તેમાં કેવળજ્ઞાન ક્યાંથી હોય?

૬૮. કેવળ આત્મદર્શન તે જ પરમાર્થ છે, **બીજું** બધું વ્યવહાર છે. ત્રણલોકનો જે સાર છે એવા એક આ પરમાર્થને જ યોગિઓ ધ્યાવે છે.

૬૯. આત્મા જ્ઞાનદર્શનમય છે, બીજી બધી તો જંજાળ છે;–આમ જાણીને હે યોગીજનો! તમે માયાજાળને છોડો.

૭૦. જગતિલક આત્માને છોડીને પરદ્રવ્યમાં રમે છે,...તો શું મિથ્યાદ્રષ્ટિ ને માથે શીંગડા હોતાં હશે? (–શ્રેષ્ઠ આત્માને છોડીને પરમાં રમણતા કરે છે તે મિથ્યાદ્રષ્ટિ જ છે.)

૭૧. હે મૂઢ! જગતિલક આત્માને છોડીને તું અન્ય કોઈનું ધ્યાન ન કર.–જેણે મરકતમણિને જાણી લીધો તેને શું કાચની કાંઈ કિંમત છે?

૭૨. હે વત્સ! શુભપરિણામથી ધર્મ (–પુણ્ય) થાય છે, અને અશુભપરિણામથી અધર્મ (–પાપ) થાય છે; (–એ બંનેથી તો જન્મ થાય છે.) પણ એ બંનેથી વિવર્જિત જીવ ફરીને જન્મ ધારણ કરતો નથી,–મુક્તિ પામે છે.

૭૩. હે યોગી! કર્મો તો સ્વયં ભેગાં થાય છે ને વળી વિખૂટા પડી જાય છે (–ક્ષણભંગુર છે,)–એમ નિઃશંક જાણ.–શું ચંચળ સ્વભાવના પથિકોથી તે ક્યાંય ગામ વસતું હશે? (પથિકો તો રસ્તામાં ભેગા થાય ને છૂટા પડે, તેમનાથી કાંઈ ગામ વસે નહિ, તેમ સંયોગ–વિયોગરૂપ એવા ક્ષણભંગુર પુદ્ગલ કર્મોવડે ચૈતન્યનું નગર વસે નહિ. આત્માને એ કર્મોના સંયોગ–વિયોગથી ભિન્ન જાણો.

૭૪. હે જીવ! જો તું દુઃખથી બીતો હો તો અન્યને જીવ ન માન (અન્ય જીવને તારાથી ભિન્ન જાણ), અને અન્યનું ચિંતન ન કર. કેમકે તલનાં ફોતરાં જેટલું પણ શલ્ય જરૂર વેદના કરે છે.

૭૫. જેમ સૂર્ય ઘોર અંધકારને નિમિષમાત્રમાં નષ્ટ કરી નાંખે છે, તેમ આત્માની ભાવના વડે પાપો એકક્ષણમાં નષ્ટ થઈ જાય છે.

૭૬. હે યોગી! જેના હૈયામાં જન્મ–મરણથી રહિત એવા એક પરમ દેવ નિવાસ કરે છે તે પરલોકને ( –સિદ્ધપદને ) પામે છે.

૭૭. જે જીવ, પુરાણા કર્મોનો ક્ષય કરે છે, અભિનવ કર્મોને આવવા નથી દેતો, અને પરમ નિરંજનતત્ત્વને નમે છે, તે જીવ પરમાત્મા થઈ જાય છે.

૭૮. આત્મા જ્યાંસુધી નિર્મળ થઈને પરમ નિરંજનસ્વરૂપને નથી જાણતો ત્યાંસુધી જ તે પાપરૂપ પરિણમે છે ને ત્યાંસુધી જ કર્મોને બાંધે છે.

૭૯. આત્મા જ ઉત્કૃષ્ટ નિરંજન દેવ છે; આત્મા જ દર્શન–જ્ઞાન છે; આત્મા જ સાચો મોક્ષપંથ છે;–એમ હે મૂઢ! તું જાણ.

૮૦. લોકો કુતીર્થમાં ત્યાંસુધી પરિભ્રમણ કરે છે, અને ધૂર્તતા ત્યાંસુધી કરે છે,–કે જ્યાં સુધી ગુરુના પ્રસાદથી તેઓ દેહમાં જ રહેલા દેવને નથી જાણતા.

૮૧. હે જીવ! ત્યાંસુધી જ તું લોભથી મોહીત થઈને વિષયોમાં સુખ માને છે–કે જ્યાં–સુધી ગુરુપ્રસાદથી અવિચલ બોધને નથી પામતો.

૮૨. જેનાથી વિબોધ ( ભેદજ્ઞાન ) ઉત્પન્ન ન થાય–એવા ત્રણલોક સંબંધી જ્ઞાનવડે પણ જીવ બહિરાત્મા જ રહે છે, અને તેનું પરિણામ અસુંદર છે,–સારૂં નથી.

૮૩. આત્મા અને કર્મ વચ્ચે ભેદજ્ઞાનની દ્રઢ રેખા દોરવી જોઈએ, અર્થાત્ જેવું ભણ્યો તેવું કરવું જોઈએ; અને ચિત્તને જ્યાં–ત્યાં ભમાડવું ન જોઈએ,–આમ કરે તેને આત્મામાંથી કર્મ દૂર થઈ જાય છે.

૮૪. જે વિદ્વાન આત્માનું વ્યાખ્યાન કરે છે પણ પોતાનું ચિત્ત તેમાં જોડતો નથી, તો તેણે અનાજનાં કણ છોડીને ઘણાં ફોતરાં ભેગાં કરવા જેવું કર્યું.

૮૫. પંડિતોમાં હે પંડિત એવા હે પંડિત! જો તું ગ્રંથ અને તેના અર્થોમાં જ સંતોષાઈ ગયો છે અને પરમાર્થ–આત્માને જાણતો નથી તો તું મૂર્ખ છો; તેં કણને છોડીને ફોતરાં જ કૂટયા છે.

૮૬. જે મોક્ષના સાચા કારણને તો જાણતો નથી, અને માત્ર અક્ષરના જ્ઞાનવડે જ ગર્વિત થઈને ફરે છે તે તો, જેમ વંશ વગરનો વેશ્યાપુત્ર જ્યાં–ત્યાં હાથ લંબાવીને ભીખ માંગતો ભટકે,–તેના જેવો છે.

૮૭. હે વત્સ! બહુ પઢવાથી શું છે? તું એવી જ્ઞાનચિનગારી પ્રગટાવતાં શીખ–કે જે પ્રજ્વલિત થતાં જ પુણ્ય અને પાપને ક્ષણમાત્રમાં ભસ્મ કરી નાંખે.

૮૮. સૌ કોઈ સિદ્ધત્વને માટે તરફડે છે; પણ તે સિદ્ધત્વની પ્રાપ્તિ ચિત્તની નિર્મળતા વડે થાય છે.

૮૯. મલ રહિત એવા કેવળી અનાદિ સ્થિત છે, તેમના અંતરમાં ( જ્ઞાનમાં ) સમસ્ત જગત સંચાર કરે છે, પરંતુ તેનાથી

બહાર કોઈ પણ જઈ શકતું નથી.

૯૦. આત્મા આત્મામાં જ પરિસ્થિત થતાં તેને કંઈ લેપ લાગતો નથી, અને તેને જે કાંઈ મહાન દોષ હોય તે પણ બધા છેદાઈ જાય છે.

૯૧. હે યોગી ! યોગ લઈને પછી જો તું ધંધામાં નહિ પડ, તો જેમાં તું રહે છે તે દેહરૂપ કૂટિરનો ક્ષય થઈ જશે, ને તું તો અક્ષય રહીશ.

૯૨. અરે મનરૂપી હાથી ! તું **ઇન્દ્રિય**વિષયના સુખોમાં રતિ ન કર. જેનાથી નિરંતર સુખ ન થાય તેને તું ક્ષણમાત્રમાં છોડી દે.

૯૩. ન રાજી થા, ન રોષ કર, ન ક્રોધ કર. ક્રોધથી ધર્મનો નાશ થાય છે; ધર્મના નાશથી નરકગતિ થાય છે, અને મનુષ્યજન્મ નિષ્ફળ જાય છે.

૯૪. સાડાત્રણ હાથની દેરીમાં સંત–નિરંજન વસે છે; બાલજીવો તેમાં પ્રવેશ કરી શકતા નથી; તું નિર્મળ થઈને તેને ગોત.

૯૫. મનને સહસા પાછું વાળી લેતાં આત્મા અને પરની ભેળસેળ થતી નથી, પરંતુ જેનામાં આટલીયે શક્તિ નથી–તે મૂર્ખ યોગી શું કરશે ?

૯૬. યોગી જે નિર્મળ જ્યોતિને જગાવે છે તે યોગ છે; પણ જે **ઇન્દ્રિયો**ને વશ થઈ જાય છે તે તો શ્રાવકલોક છે.

૯૭. હે જીવ ! તું ઘણું પઢયો....પઢી–પઢીને તાળવુ પણ સુકાઈ ગયું,–છતાં તું મૂર્ખ જ રહ્યો. –એના કરતાં તો તે એક જ અક્ષરને પઢ કે જેનાથી શિવપુરીમાં ગમન થાય.

૯૮. શ્રુતિઓનો પાર નથી, કાળ થોડો છે, અને આપણે મંદબુદ્ધિ છીએ; તેથી એટલું જ શીખવા યોગ્ય છે કે જેનાથી જન્મ–મરણનો ક્ષય થાય.

૯૯. નિર્લક્ષણ ( **ઇન્દ્રિય**ગ્રાહ્ય લક્ષણોથી પાર ), સ્ત્રીથી રહિત, અને જેને કોઈ કૂળ નથી –એવો આત્મા મારા મનમાં વસી ગયો છે; તે કારણે હવે, **ઇન્દ્રિય**વિષયોમાં સંસ્થિત મારું મન ત્યાંથી પાછું વળી ગયું છે.

૧૦૦. હું સગુણ છું, અને મારા પિયુ તો નિર્ગુણ, નિર્લક્ષણ તથા નિઃસંગ છે; તેથી, તે એક જ અંગમાં વસતાં હોવા છતાં એકબીજાના અંગે–અંગનું મિલન નથી થતું.

( રજોગુણ–તમોગુણ વગેરે ગુણવાળી વિકારી પર્યાય, અને શુદ્ધ આત્મ–પિયુ–એ બંને એક વસ્તુમાં રહેતાં હોવા છતાં તેમને એકરૂપતા થતી નથી.–આવો ભાવ સમજાય છે. )

# ❀ અપૂર્વ શાંતિ પામવા આત્માને ઓળખો ❀


( લેખાંક ત્રીજો )

દુનિયામાં ક્યાંય શાંતિ–ખરેખરી શાંતિ હોય તો તે આત્મામાં જ છે, ને આત્માને જાણવાથી જ તેનું વેદન થાય છે. જિનમાર્ગી સન્તો આવી અપૂર્વ શાંતિને પામ્યા છે, ને એવી શાંતિના પિપાસુ ભવ્યજીવોને કહે છે કે તમે પણ અપૂર્વ શાંતિ પામવા માટે આત્માને ઓળખો. આત્માની ઓળખાણ કરાવનારું સુગમ શાસ્ત્ર ‘સમાધિશતક’ તેનાં પ્રવચનોનું દોહન આપ વાંચી રહ્યા છો. ( – સં. )

જે જીવ બાહ્યદ્રષ્ટિવાળો અવિદ્વાન છે, ચેતન અને જડની ભિન્નતાનું જેને ભાન નથી, તે નરદેહમાં રહેલા આત્માને નર માને છે; એ જ પ્રમાણે તિર્યંચ શરીરમાં રહેલા આત્માને તિર્યંચ માને છે, દેવશરીરમાં રહેલા આત્માને દેવ માને છે, તથા નારકશરીરમાં રહેલા આત્માને નારક માને છે; પરંતુ આત્મા તો તે દેહથી જુદો અનંતાનંત જ્ઞાનાદિ શક્તિસંપન્ન, સ્વસંવેદ્ય અચલ સ્થિતિવાળો છે, તેને તે જાણતો નથી. શરીર તો ટૂંકી મુદતવાળું જડ છે, ને આત્મા તો સળંગ સ્થિતિવાળો ચૈતન્યશક્તિસંપન્ન છે,–એમ બંનેની ભિન્નતાને અજ્ઞાની ઓળખતો નથી. એ પ્રમાણે ચિદાનંદશક્તિસંપન્ન આત્માને જે ઓળખતો નથી તે ભલે શાસ્ત્રો ભણેલો મોટો વિદ્વાન ગણાતો હોય તો પણ ખરેખર તે અવિદ્વાન જ છે, ચૈતન્યવિદ્યાની તેને ખબર નથી. જ્ઞાની તો પોતાને દેહથી ભિન્ન, એક ચૈતન્યભાવરૂપે જ સદા અનુભવે છે.

દેહથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ જીવને જે ઓળખતો નથી તે, હાથીનું શરીર જુએ ત્યાં ‘આ જીવ હાથી છે’ એમ આત્માને જ હાથી વગેરે તિર્યંચરૂપે માને છે; દેવ શરીરમાં આત્મા રહ્યો ત્યાં, આત્મા જ જાણે કે દેવશરીરરૂપે થઈ ગયો–એમ તે અજ્ઞાની માને છે; અને એ જ પ્રમાણે મનુષ્ય કે નારકશરીરમાં રહેલા આત્માને, મનુષ્ય કે નારકીરૂપ માને

છે; પણ આત્મા તો અરૂપી, જ્ઞાન–આનંદસ્વરૂપ છે, એમ તે અજ્ઞાની જાણતો નથી. આત્મા તો દેહથી **તદ્દન** ભિન્ન છે; જુદાજુદા શરીરો ધારણ કરવા છતાં આત્મા પોતાના ચૈતન્યસ્વરૂપે જ રહ્યો છે, ચૈતન્યસ્વરૂપથી છૂટીને જડરૂપ કદી થયો જ નથી.




| | |
|---|---|
| જ્ઞાની પોતાને શરીરથી ભિન્ન એક જ્ઞાયકભાવ પણે અનુભવે છે. | અજ્ઞાની પોતાને દેવ–મનુષ્ય –તિર્યંચ–નારક પણે અનુભવે છે. |

આત્મા પોતે તો જ્ઞાનસ્વરૂપ જ છે, તે કાંઈ મનુષ્ય વગેરે દેહરૂપે થયો નથી. મનુષ્ય–તિર્યંચ–દેવ–નારક એવાં નામ તો આ શરીરના સંયોગથી છે; કર્મની ઉપાધિથી રહિત આત્માના સ્વરૂપને જુઓ તો તે જ્ઞાન–આનંદસ્વરૂપ જ છે; મનુષ્ય વગેરે શરીર કે તેની બોલવા–ચાલવાની ક્રિયા તે કાંઈ આત્મા નથી, તે તો અચેતન જડની રચના છે. દેહથી ભિન્ન, અનંત ચૈતન્યશક્તિસંપન્ન અરૂપી આત્મા છે, તે આંખ વગેરે ઇન્દ્રિયોથી દેખાતો નથી, તે તો અંતરના અતીન્દ્રિય સ્વસંવેદનથી જ જણાય છે.

દેહાદિથી ભિન્ન ચિદાનંદસ્વરૂપ આત્મા શ્રીગુરુએ બતાવ્યો છે; તે સ્વરૂપને જે સમજે તેને શ્રીગુરુ પ્રત્યે બહુમાનનો યથાર્થ ભાવ આવે છે કે અહો! ચિદાનંદસ્વરૂપ આત્મા શ્રીગુરુએ મને પરમ અનુગ્રહ કરીને બતાવ્યો. પોતાને સ્વસંવેદન થાય ત્યારે જ્ઞાની–ગુરુની ખરી ઓળખાણ થાય અને તેમના પ્રત્યે ખરી ભક્તિ આવે. શુભરાગવડે પણ ચિદાનંદસ્વરૂપ આત્મા ઓળખાય તેવો નથી, અને પોતાના આત્માને ઓળખ્યા વગર સામા આત્માની ઓળખાણ પણ થાય નહિ.

સમ્યગ્દ્રષ્ટિ–અંતરાત્મા પોતાના આત્માને દેહાદિથી ભિન્ન એવો જાણે છે કે હું તો અનંત જ્ઞાન અને આનંદ શક્તિથી ભરેલો છું, મારા જ્ઞાનાનંદસ્વરૂપમાં હું અચલ છું, મારા જ્ઞાનાનંદસ્વરૂપથી હું કદી ચ્યુત થતો નથી. આવા જ્ઞાનાનંદસ્વરૂપની જે સમ્યક્શ્રદ્ધા અને જ્ઞાન થયું તેનાથી ડગાવવા હવે જગતની કોઈ પ્રતિકૂળતા સમર્થ નથી; જ્ઞાનસ્વરૂપના આશ્રયે જે સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન થયા તે હવે આત્માના જ આશ્રયે અચલ ટકી રહે છે, કોઈ સંયોગના કારણે શ્રદ્ધા–જ્ઞાન ચલાયમાન થતા નથી. આવા સ્વસંવેદનથી આત્મના વાસ્તવિક સ્વરૂપની ઓળખાણ કરવી તે બહિરાત્મપણાથી છૂટવાનો ને અંતરાત્મા (ધર્માત્મા) થવાનો ઉપાય છે, અને પછી આત્માના ચૈતન્યસ્વભાવમાં લીન થઈને પોતે પરમાત્મા બની જાય છે.

આત્મા ચૈતન્યસ્વરૂપ છે, ને આ દેહ તો જડ છે, આત્મા અને શરીર એક જગ્યાએ સાથે રહેલા હોવા છતાં બંનેના પોતપોતાના ભાવો **જુદા** છે, એટલે ભાવે ભિન્નતા છે. જેમ એક કષાઈ જેવો જીવ અને બીજો સજ્જન–એ બંને એક ઘરમાં ભેગા રહ્યા હોય, પણ બંનેના ભાવો **જુદા** જ છે; તેમ આ લોકમાં જડ શરીરાદિ અને આત્મા એકક્ષેત્રે રહ્યા હોવા છતાં બંનેના ભાવો **તદ્દન જુદા** છે, આત્મા પોતાના જ્ઞાન–આનંદ વગેરે ભાવમાં રહ્યો છે, ને કર્મ–શરીરાદિ તો પોતાના અજીવ–જડ ભાવમાં રહ્યા છે, બંનેની એકતા કદી થઈ જ નથી. સદાય અત્યંત ભિન્નતા જ છે.

અરે ભાઈ! તારા આત્માનું વાસ્તવિકરૂપ શું છે તેને એકવાર જાણ તો ખરો! દેહથી પાર, રાગથી પાર, અંતરમાં જ્ઞાનાદિ અનંતગુણસ્વરૂપ પોતાનો આત્મા છે, તેની સાથે એકતા કરીને તેના આનંદનું જ્યાં સ્વસંવેદન કર્યું ત્યાં બાહ્ય પદાર્થો અંશમાત્ર પોતાના ભાસતા નથી, ને તેમાં ક્યાંય સુખબુદ્ધિ રહેતી નથી. ચૈતન્યનું સુખ ચૈતન્યમાં જ છે–એનો સ્વાદ જાણ્યો ત્યાં સંયોગની ભાવના રહેતી નથી.

ધર્મી જાણે છે કે દેવ–મનુષ્ય વગેરે હું નથી, તેમાં રહેલું જે ચૈતન્યપણું છે તે જ હું છું; જ્ઞાનસ્વરૂપ આત્મા તો હું છું, ને શરીર–કર્મ વગેરે તો જડસ્વરૂપ છે, તે હું નથી. રાગ પણ ઉપાધિરૂપ ભાવ છે, તે મારા જ્ઞાનદર્શનસ્વરૂપથી ભિન્ન છે. સાચી શાંતિ જોઈતી હોય તો હે જીવો! આવા આત્માને તમે ઓળખો.

જ્ઞાનીને તો એક પોતાનો ચૈતન્ય ભગવાન જ વહાલો છે, એ સિવાય સમસ્ત બાહ્ય પદાર્થોને પોતાથી ભિન્ન જાણે છે, તેમાં ક્યાંય તે મૂર્છાતા નથી. અજ્ઞાની તો પોતાના શરીરને આત્મા માને છે, એટલે તેમાં જ તે મૂર્છાયેલો છે; પણ શરીરથી ભિન્ન ચૈતન્ય–

સ્વરૂપ આત્માને તે જાણતો નથી. આત્મા તો સદા જ્ઞાન–આનંદસ્વરૂપ જ છે–એમ પોતાના અંતર્વેદનથી જ જણાય છે.

અતીન્દ્રિયજ્ઞાનવડે ચૈતન્યસ્વરૂપ આત્માને તો જાણ્યો નહિ, ને ઇન્દ્રિયજ્ઞાનવડે માત્ર અચેતન શરીરને જ જાણ્યું, ત્યાં અજ્ઞાનીને 'શરીર જ હું છું' એવી દેહબુદ્ધિ થઈ ગઈ; અને જેમ પોતામાં શરીરને આત્મા માને છે તેમ બીજાના અચેતન શરીરને દેખીને તેને પણ તે બીજાના આત્મા જ માને છે. એ રીતે મૂઢ જીવ પોતામાં ને પરમાં અચેતન શરીરને જ આત્મા માને છે; દેહથી ભિન્ન આત્માને તે દેખતો નથી, ઓળખતો નથી. તેને શાંતિ ક્યાંથી મળે? માટે જો સાચી શાંતિ જોઈતી હોય તો આત્માને આત્મસ્વરૂપે ઓળખો.

જ્ઞાનીનો આત્મા તો જ્ઞાતા–દ્રષ્ટા છે, દેહથી પાર છે ને રાગનો પણ કર્તા તે નથી, તે તો આનંદ અને જ્ઞાનરૂપ પરિણમે છે–એમ ઓળખે તો જ જ્ઞાનીની સાચી ઓળખાણ થાય; પણ એને તો અજ્ઞાની ઓળખતો નથી; તે તો શરીરની ચેષ્ટાને તથા રાગને દેખે છે. પોતાના આત્માને નહિ દેખનારો અંધ બીજાના આત્માને ક્યાંથી દેખી શકે?

દેહાદિ સંયોગથી ભિન્ન મારું ચૈતન્યતત્ત્વ છે–એમ જો ઓળખે તો બધા સંયોગમાંથી રાગ–દ્વેષનો અભિપ્રાય છૂટી જાય, ને ચૈતન્યની અપૂર્વ શાંતિ થઈ જાય.

અરે ભાઈ! ભ્રમથી દેહને જ આત્મા માનીને તું અત્યાર સુધી અનંત જન્મ–મરણમાં રખડયો, હવે દેહથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્માને જાણીને એ ભ્રમબુદ્ધિ છોડ... બહિરાત્મદશા છોડ...ને અંતરાત્મા થા.

દેહને આત્મા માનનારો જીવ ભ્રાંતિથી કેવો દુઃખી થાય છે તેનું દ્રષ્ટાંત–

એક માણસ નિદ્રામાં સૂતો હતો; તેને સ્વપ્ન આવ્યું કે 'હું મરી ગયો છું'. આ રીતે પોતાનું મરણ દેખીને તે જીવ ઘણો દુઃખી ને ભયભીત થયો.

કોઈ સજ્જને તેને જગાડયો; જાગતાંવેંત તેણે જોયું કે અરે, હું તો જીવતો જ આ રહ્યો. હું કાંઈ મરી નથી ગયો! સ્વપ્નમાં મેં મને મરેલો માન્યો તેથી હું બહુ દુઃખી થયો, પણ ખરેખર હું જીવતો છું. આમ પોતાને જીવતો જાણીને તે આનંદિત થયો ને મૃત્યુ સંબંધી તેનું દુઃખ મટી ગયું. અરે, જો તે મરી ગયો હોત તો 'હું મરી ગયો' એમ જાણ્યું કોણે? જાણનારો તો જીવતો જ છે.

તેમ મોહનિદ્રામાં સૂતેલા જીવ, દેહાદિના સંયોગ–વિયોગથી સ્વપ્નની માફક એમ માને છે કે હું મર્યો, હું જન્મ્યો; હું મનુષ્ય થઈ ગયો, હું તિર્યંચ થઈ ગયો. તે માન્યતાને

લીધે તે બહુ દુઃખી થાય છે. પણ જ્ઞાનીએ જડ–ચેતનની ભિન્નતા બતાવીને તેને જગાડયો, જાગતાં જ તેને ભાન થયું કે અરે, હું તો અવિનાશી ચેતન છું ને આ શરીર જડ છે, તે કાંઈ હું નથી. મેં ભ્રમથી મને શરીરરૂપ માન્યો, પણ હું કાંઈ ચૈતન્ય મટીને જડ થઈ ગયો નથી. શરીરના સંયોગ–વિયોગે મારું જન્મ–મરણ નથી. આવું ભાન થતાં જ તેનું દુઃખ દૂર થયું ને તે આનંદિત થયો કે વાહ! જન્મ–મરણ મારામાં નથી, હું તો સદા જીવંત ચૈતન્યમય છું. હું મનુષ્ય કે તિર્યંચ થઈ ગયો નથી, હું તો શરીરથી જુદો ચૈતન્ય જ રહ્યો છું. જો હું શરીરથી જુદો ન હોઉં તો શરીર છૂટતાં હું કેમ જીવી શકું? હું તો જાણનાર સ્વરૂપે સદાય જીવંત છું.

જેમ સ્વપ્નમાં પોતાને મરેલો ભાસ્યો પણ જાણતાં તો જીવતો જ છે, તેમ અજ્ઞાનદશામાં પોતાને દેહરૂપ માન્યો તે જ્ઞાનદશામાં જુદો જ અનુભવે છે.

સ્વપ્નમાં મૃત્યુની માફક, સ્વપ્નમાં કોઈ દરિદ્રી જીવ પોતાને સુખી કે રાજા માને, પણ જ્યાં જાગે ત્યાં તો ખબર પડી કે એ સુખ સાચું ન હતું. તેમ મોહનિદ્રામાં સૂતેલો જીવ બાહ્ય સંયોગોમાં–પુણ્યમાં–રાગમાં જે સુખ માને છે તે તો સ્વપ્નાના સુખ જેવું છે. જ્યાં ભેદજ્ઞાન કરીને જાગ્યો ત્યાં ભાન થયું કે અરે, બાહ્યમાં–રાગમાં ક્યાંય મારું સુખ નથી; તેમાં સુખ માન્યું તે તો ભ્રમ હતો, સાચું સુખ મારા આત્મામાં છે–આવા ચૈતન્યનું ભાન કરે તો મિથ્યા માન્યતારૂપી રોગ ટળે, ને સમ્યગ્દર્શનાદિ નિરોગતા પ્રગટે,–તે જ સુખ છે.

હું તો ચૈતન્યસ્વરૂપ અસંયોગી શાશ્વત છું–આવી ભેદજ્ઞાનની ભાવનાથી આત્મજ્ઞાન કરે તો અવિદ્યાના સંસ્કારનો નાશ થઈ જાય છે જેમ કૂવા ઉપરના કાળા કઠણ પત્થરા પર દોરીના વારંવાર ઘસારાથી ઘસાઈ–ઘસાઈને તેમાં લિસોટા થઈ જાય છે, તેમ દેહથી ભિન્ન ચિદાનંદતત્ત્વની વારંવાર ભાવનાના અભ્યાસથી અનાદિ અવિદ્યાના સંસ્કારનો નાશ થઈને ભેદજ્ઞાન થાય છે, ને અપૂર્વ જ્ઞાનસંસ્કાર પ્રગટે છે.

શરીર તે હું એવી મિથ્યાબુદ્ધિને લીધે જ જીવ સંસારમાં નવા નવા દેહ ધારણ કરીને જન્મ–મરણ કરે છે. દેહને પોતાથી ભિન્ન જાણીને, ચિદાનંદસ્વરૂપ આત્માને જે સેવે છે,–તેને મોક્ષ થતાં શરીર છૂટી જાય છે,–ફરીને શરમજનક દેહનો સંયોગ થતો નથી. અશરીરી આત્માને ચૂકીને શરીરને જેણે પોતાનું માન્યું તે જ ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. પણ અશરીરી ચૈતન્યસ્વભાવને ઓળખીને તેને જે આરાધે છે તે અશરીરી સિદ્ધ થઈ જાય છે. યોગીન્દુસ્વામી કહે છે કે–

ધ્યાનવડે અભ્યંતરે દેખે જે અશરીર,

શરમજનક જન્મો ટળે, પીએ ન જનની-ક્ષીર.

જ્ઞાન-આનંદસ્વરૂપ આત્મા છે, તે શરીરથી જુદો જ્ઞાતાદ્રષ્ટા છે; આત્મા શરીરનો જાણનાર છે પણ પોતે શરીર નથી. અરે જીવ! આ શરીર તું નથી, તું તો ચૈતન્યસ્વરૂપી અરૂપી છે; દેહથી ભિન્ન તારા સ્વરૂપને જાણ તો તને શાંતિ થશે.

આ શરીરને તો 'ભવમૂર્તિ' કીધી છે. આત્મા ચિદાનંદસ્વરૂપ છે તે આનંદની મૂર્તિ છે, ને આ દેહ તો ભવની મૂર્તિ છે; તેની પ્રીતિથી તો ભવ થશે, આનંદ નહિ થાય. અને આત્માને દેહથી ભિન્ન ઓળખતાં આનંદની પ્રાપ્તિ સહિત ભવનો અંત થશે.-

કાયાની વિસારી માયા.....સ્વરૂપે સમાયા એવા.....

નિર્ગ્રંથનો પંથ ભવ-અંતનો ઉપાય છે.....

આવો મનુષ્ય-અવતાર પામવો અનંતકાળે દુર્લભ છે. આવો મનુષ્ય-અવતાર અને તેમાંય ઉત્તમ સત્સંગ પામીને અરે જીવ! તું વિચાર તો કર કે "હું કોણ છું? " ક્યાંથી થયો? ને મારું વાસ્તવિક સ્વરૂપ શું છે? કોની સાથે મારે સંબંધ છે? "

-આ દેહ તો હમણાં થયો; ખોરાક-પાણીથી તે ઢીંગલું રચાણું; હું તે નથી, હું તો આત્મા છું. મારો આત્મા કાંઈ નવો થયો નથી; શરીરનો સંયોગ નવો થયો છે. આ આત્મા પહેલાં (પૂર્વભવે) બીજા શરીરના સંયોગમાં હતો, ત્યાંથી તે શરીરને છોડીને અહીં આવ્યો,-એ રીતે આત્મા તો ત્રિકાળ ટકનાર તત્ત્વ છે, ને દેહ તો ક્ષણિક સંયોગી છે.

મારું સ્વરૂપ તો જ્ઞાન-આનંદસ્વરૂપ છે, શરીર-ઇન્દ્રિયો તે મારું સ્વરૂપ નથી, તે તો જડનું રૂપ છે; તે શરીરાદિ સાથે મારે વાસ્તવિક કાંઈ સંબંધ નથી, તેની સાથેનો સંબંધ તોડીને જ્ઞાનાનંદસ્વરૂપ સાથે જ મારે સંબંધ જોડવા જેવો છે. મારા ચિદાનંદતત્ત્વ સિવાય જગતના કોઈ પદાર્થો સાથે મારે એકતાનો સંબંધ કદી પણ નથી.-આમ સર્વપ્રકારે વિચાર કરીને, અંતર્મુખ ચિત્તથી જ્ઞાનાનંદસ્વરૂપ પોતાના આત્માનો નિર્ણય કરવો ને દેહાદિકને પોતાથી બાહ્ય-ભિન્ન જાણવા, તે સિદ્ધાંતનો સાર છે.-આ રીતે આત્માને ઓળખવો તે જ પરમસુખનો ઉપાય છે.

# દેહ-અંતકે સમયમેં તુમકો ન ભૂલ જાઉં

એક મુમુક્ષુ જીવ, જીવન દરમિયાન કેવી વીતરાગીભાવના ભાવતો હોય છે! ધર્મનું રટણ, ભવ-તન-ભોગથી વિરક્તિ, શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવ કરીને, કષાયોના શલ્યથી દૂરતા, અને અખંડ સમ્યક્ત્વપાલન સહિતની સમાધિ-તેની ભાવનારૂપ આ વૈરાગ્યભજન સૌને ગમશે. જીવન હો કે મરણ હો, મુમુક્ષુજીવ ક્યારેય જિનભગવાનને કે આત્મસ્વરૂપને ભૂલતો નથી.

દિનરાત મેરે સ્વામી...મૈં ભાવના યે ભાવું;
દેહ-અંત કે સમયમેં...તુમકો ન ભૂલ જાઉં.. દિનરાત૦
શત્રુ અગર કો હોવે સંતુષ્ટ ઉનકો કરદું,
સમતાકા ભાવ ધરકે સબસે ક્ષમા કરાઉં... દિનરાત૦
ત્યાગું આહાર પાની ઔષધ વિચાર અવસર,
તુટે નિયમ ન કોઈ દ્રઢતા હૃદયમેં ધારું... દિનરાત૦
જાગે નહિ કષાયેં નહિ વેદના સતાવે;
તુમસે હી લો લગી હો, દુર્ધ્યાનકો હટાઉં... દિનરાત૦
આત્મસ્વરૂપકા ચિંતન આરાધના વિચારું;
અરહંત-સિદ્ધ-સાધુ રટના યહી લગાઉં... દિનરાત૦
ધર્માતમા નિકટ હો ચરચા ધરમ સુનાવે,
વો સાવધાન રક્ખેં ગાફલ ન હોને દેવે... દિનરાત૦
જીનેકી હો ન વાંછા મરનેકી હો ન ખ્વાહિશ,
પરિવાર મિત્ર જનસે મૈં મોહકો ભગાઉં... દિનરાત૦
ભોગ્યા જો ભોગ પહલે ઉનકા ન હોવે સુમરન,
મૈં રાજસંપદા યા પદ ઈન્દ્રકા ન ચાહું... દિનરાત૦
સમ્યક્ત્વ કા હો પાલન હો અંતમેં સમાધિ,
'શિવરામ' પ્રાર્થના યહ જીવન સફલ બનાઉં... દિનરાત૦

# ચેતન અને કાયા વચ્ચે વાદવિવાદ

( શ્રીગુરુ ન્યાય કરીને તેનો ફેંસલો આપે છે. )

ચેતનમય આત્મા, અને પુદ્ગલમય શરીર,–એ બંનેનું સ્વરૂપ એકબીજાથી **તદ્દન** જુદું જ છે. અનાદિ કર્મસંયોગે આત્મા અને શરીર એકક્ષેત્રે ભેગા રહ્યા હોવા છતાં બંનેનું પરિણમન સ્વતંત્ર જુદેજુદું છે. અનાદિથી અજ્ઞાની એક શરીરને છોડીને બીજી ગતિમાં જાય છે પણ શરીર કાંઈ તેની સાથે નથી જતું.–આવી ભિન્નતાને નહિ જાણનારો એક અજ્ઞાની, શરીરને પોતાનું માનીને મરતાં પણ તેને સાથે રાખવા માંગે છે ને શરીરને વિનવે છે કે હે શરીર ! તું મારી સાથે ચાલ !

* પણ કાયા ના પાડે છે કે હું બળી જઈશ, પણ તારી સાથે નહિ આવું.
* આત્મા કહે છે કે હે કાયા ! મેં જીવનભર તારું પોષણ કર્યું, તારા ખાતર અનેક પાપો કર્યાં, માટે હવે મારી સાથે જરૂર ચાલ.
* શરીર કહે છે કે ના; મારો તો એવો જ સ્વભાવ છે કે જીવની સાથે ન જવું; **જુદા** જ રહેવું.

–આમ જીવ અને શરીર બંને વાદવિવાદ કરતાં કરતાં વાદી અને પ્રતિવાદીરૂપે શ્રીગુરુ પાસે આવ્યા અને સામસામે પોતપોતાની દલીલો રજુ કરીને ન્યાય માંગ્યો. ત્યારે શ્રીગુરુએ બંને પક્ષની દલીલો સાંભળીને સત્ય ન્યાય આપ્યો.–શું ન્યાય આપ્યો ? તે આપ આ કાવ્યમાં વાંચશો.

ચેતન અને કાયાના વાદવિવાદરૂપે આ રોચક અને બોધપ્રેરક પદરચના કવિ શ્રી છોટેલાલજી જૈન દ્વારા રચિત છે. આ રચના બાળકો નાટકરૂપે પણ ભજવી શકે તેવી છે, તેના સંવાદો આકર્ષક છે. સોલાપુરના કંકુબાઈ શ્રાવિકાશ્રમની બાળાઓએ આ સંવાદ નાટકરૂપે ભજવ્યો હતો, અમે મરાઠી–'सन्मति' પત્રિકામાંથી તે સાભાર અહીં આપીએ છીએ. બાળકો, તમે પણ આ સંવાદ નાટકરૂપે ભજવશો તો સૌને આનંદ થશે. ( –સં. )

## प्रस्तावना

काया चेतनमें हुआ, एक दिन तकरार।
श्री मुनिवरके निकट जा, चेतन करी पुकार।। (१)
चेतन - हे नाथ! काया यों कहती, नहीं साथ तुम्हारे चलती हूँ
तुम्हारा मेरा साथ यहीं तक, अब मे यहींपर रहती हूँ।
कैसे छोडू मैं इसको, हा! बडे प्यारसे पाला था
इसके खातिर स्वामी मैंने, घरघर डाका डाला था।।
इस प्रकार ये झगड रही है, मूरख नादानीको।
हाय! कहो अब कैसे छोडू, अपनी प्रीत पुरानीको? (२)
गुरुदेव - चेतनकी करुणा भरी, श्रीगुरु सुनी पुकार
कायासे पूछत गुरु, यों मृदु वचन उचार।
ये काया! क्या बात है, चेतनके प्रतिकूल,
तुम भी अपनी बातको, बतलाओ अनुकूल।। (३)
काया - बोली काया हे गुरु! सुनो हमारी बात।
ये चेतन तो मूरख है, करै अनाडी बात।।
'चलो हमारे साथ तुम,' ये चेतन यों कहता है।
मेरे कुलकी रीत अनादि, यह सब मेटन चाहता है।।
इन्द्र नरेन्द्र धरणेन्द्रके संग, नहीं गयी सब जानत है।
ये चेतन मूरख अभिमानी, मुझसे प्रीति ठानत है।।

એક દિવસ, જ્યારે જીવને પરલોકમાં જવાની તૈયારી થઈ ત્યારે, કાયા અને ચેતન વચ્ચે તકરાર થઈ; ત્યારે શ્રી મુનિરાજની પાસે આવીને ચેતને પોકાર કર્યોઃ હે નાથ! અમે (જીવ અને કાયા) આખો ભવ ભેગા રહ્યા, હવે હું પરલોકમાં જઉં છું ત્યારે આ કાયા એમ કહે છે કે હું તારી સાથે નહીં આવું! મારો ને તારો સથવારો અહીં સુધી જ હતો, હવે હું તો અહીં જ રહીશ. તો હે નાથ! ઘણા પ્રેમથી જેનું મેં જીવનભર પાલન કર્યું તેને હવે હું કેમ **છોડું**? એને ખાતર તો મેં અનેક ઘરમાં ચોરી કરી; હવે તે મૂરખ–કાયા નાદાન થઈને મારી સાથે ઝગડી રહી છે. હાય! આ કાયાની પુરાણી પ્રીતને હવે હું કેમ **છોડું**? (૧–૨)

શ્રીગુરુએ ચેતનની કરુણાભરી વાત સાંભળીને પછી મધુર વચનથી કાયાને પૂછ્યુંઃ હે કાયા! તારી વિરુધ્ધ ચેતનની આ શી વાત છે? તું પણ તારે જે કહેવું હોય તે કહે.

કાયાએ કહ્યુંઃ હે ગુરુ! મારી વાત સાંભળો! આ ચેતન તો મૂરખ છે, તે પાગલ જેવી અનાડી વાત કરે છે કે 'તું મારી સાથે ચાલ!'–આમ કહીને તે મારા કુળની અનાદિની રીતને તોડવા માંગે છે. જગત આખું જાણે છે કે હું ઇન્દ્ર નરેન્દ્ર કે ધરણેન્દ્રની સાથે પણ કદી ગઈ નથી. છતાં આ અભિમાની ચેતન મૂરખ થઈને

छोड दियो संग मैंने स्वामी, तीर्थंकर सम ज्ञानीको।
हाय! कहो अब कैसे छोडुँ, अपनी रीत पुरानीको? (४)

गुरुदेव-कहो चेतनजी! इस दलीलपर आपका क्या कहना है?
कायामें नहीं चेतनता फिर उसे तुम्हें क्या करना है?

चेतन-इस कायाको बडे प्यारसे, लड्डू खूब खिलाये थे।
चिलगूजा, अकरोड और अंगुरादिक मंगवाये थे।
पिस्ता किसमिस दाख छुहारे, अरु इलायची लाया था।
स्वर्णभस्म तथा मकरध्वज, इसको खूब खिलाया था।।
फिर भी ये यों कहती है, नाहक खींचातानीको।।
हाय! कहो अब कैसे छोडुँ, अपनी प्रीत पुरानीको? (५)

काया-ये चेतन झूठा है स्वामी! झूठी बातें बकता है।
मनमानी करता रहता खुद, बदनामी मेरी करता है।
मैनें कब चाहे लड्डू अरु मोहनभोग मसालोंको?
स्वर्णभस्म या मकरध्वज ये, चाहिए इन मतवालोंको।।
मैं चेतनके चक्करमें पड, सह रही हूँ बदनामीको।
हाय! कहो अब कैसे छोडुँ, अपनी रीत पुरानीको? (६)

चेतन-कोट बूट पतलून पहनकर, इसको खूब सजाया था।
इतने पर भी न हुई राजी, तब शिरपर टोप लगाया था।
नेकटाई भी गले बांधकर, इसकी शान बढाई थी।
गांधी टोपी भी शिरपर रख, इज्जत खूब बढाई थी।।
किन्तु आज मेरी मेहनत पर, फेर रही है पानीको।
हाय! कहो अब कैसे छोडुँ, अपनी प्रीत पुरानीको? (७)

મારા ઉપર પ્રીતિ કરે છે. હે સ્વામી! તીર્થંકર જેવા જ્ઞાનીનો સંગ પણ મેં છોડી દીધો, તો પછી હું મારી આ પુરાણી રીતને હવે કેમ **છોડું**? (૩-૪)

શ્રીગુરુ કાયાની વાત સાંભળીને કહે છેઃ હે ચેતનજી! બોલો, કાયાની આ દલીલ સામે તમારે શું કહેવાનું છે? કાયામાં ચેતનતા તો છે નહિ, પછી તમારે તેને શું કરવી છે?

ચેતન કહે છે–આ કાયાને મેં ઘણા પ્રેમથી બહુ લાડવા ખવડાવ્યા, તેને માટે રસગુલ્લા, અખરોટ, અંગૂર વગેરે મંગાવ્યા, પિસ્તા–કિસમિસ–ધરાખ–ખારેક–એલચી લાવ્યો, તેમજ સુવર્ણભસ્મ મકરધ્વજ વગેરે ખૂબ ખવડાવીને તેને મેં પુષ્ટ કરી, છતાંય અત્યારે તે મારી સાથે આવવાની ના કહીને નકામી ખેંચતાણ કરે છે.–અરેરે! કાયા સાથેની મારી જુગજુની પ્રીતને હું કેમ **છોડું**? (૫)

કાયા કહે છે કે–હે સ્વામી! આ ચેતન જૂઠો છે, તે ખોટી વાતો બકે છે, તે મનમાની પોતાની કરે છે ને બદનામી મારી કરે છે. એ લાડવા–મોહનભોગ–મસાલા કે સુવર્ણભસ્મ અને મકરધ્વજ એ બધાની ચાહના મેં તો કદી કરી નથી, એ બધાની ચાહના તો આ મતવાલા ચેતને જ કરી હતી. ચાહના એણે કરી ને નામ મારું લ્યે છે! આ રીતે ચેતન સાથે ચક્કરમાં પડીને હું બદનામી સહન કરી રહી છું. –પણ અરે! પરભવમાં સાથે ન જવાની મારી અનાદિની રીતને હું કેમ **છોડું**? (૬)

गुरुदेव-‘री काया! चेतन जो कह रहा है
इसका क्या कोई समाधान है?

काया-सुनिये गुरुदेव! यह तो केवल अज्ञानभरा बकवास ही है।
मेरा स्वभाव जड है स्वामी! ये चेतन अभिमानी है।
यह अपने अभिमान-विवश हो, करता खींचातानी है।
स्वयं कोट पतलून पहन, बहुरूपी वेष बनाता है।
अपनी मनमानी करता, अरु मुझको नाच नचाता है।
देख देख पछताती हूँ मैं चेतन की नादानी को।
हाय! कहो अब कैसे छोडुँ, अपनी रीत पुरानी को? (८)

गुरुदेव- ‘कहो चेतनजी! इस पर आपका क्या कहना है’

चेतन- दूध मलाई हलुआ रबडी, मोहन-भोग खिलाए थे।
और इत्र फल-फूलोंको, इसने ही नित्य मंगवाये थे।
ऊँचे ऊँचे तेल लब्हन्डर, मधुर मधुर खुश्बूवाले।
इसने ही पीये थे स्वामी शरबतके ऊँचे प्याले।।

ચેતન કહે છેઃ કોટ–પાટલુન–બૂટ પહેરાવીને મેં કાયાને ખૂબ શણગારી, એટલાથી તે રાજી ન થઈ એટલે તેના માથે ટોપો પહેરાવ્યો, ને ગળામાં નેકટાઈ બાંધીને તેની શોભા વધારી; અરે, માથે ગાંધી ટોપી પહેરાવીને તેની ઈજ્જત ખૂબ વધારી દીધી; પણ આજે આ કાયા મારી બધી મહેનત ઉપર પાણી ફેરવી રહી છે...અરેરે! હું એની પુરાણી પ્રીતિને કેમ **છોડું**? (૭)

શ્રીગુરુ કહે છે–હે કાયા! આ ચેતન જે ફરિયાદ કરે છે તેનો શું ખુલાસો છે?

કાયા કહે છે–સાંભળો, હે ગુરુદેવ! ચેતન જે કહે છે તે તો બધો અજ્ઞાનભરેલો બકવાસ છે, હે સ્વામી! મારો સ્વભાવ તો જડ છે, આ ચેતન અભિમાની છે, તે પોતાના અભિમાનવશ ખેંચાતાણી કરે છે. કોટ–પાટલુન પહેરીને બહુરૂપી વેષ બનાવવાની ઈચ્છા સ્વયં કરીને તે પોતાનું મનમાન્યું કરે છે ને મને નાચ નચાવે છે; ચેતનની આવી નાદાની દેખી–દેખીને હું પસ્તાઉં છું. –હાય! હું મારી પુરાણી રીતને કેમ **છોડું**? (૮)

આ બાબતમાં શ્રીગુરુએ ચેતનને પૂછતાં તેણે કહ્યુંઃ હે સ્વામી! મેં આ કાયાને દૂધ–મલાઈ –હલવા–રાબડી ને ઉત્તમ ભોગ ખવડાવ્યા, તથા અત્તર–ફળ–ફૂલ પણ તેને માટે જ મંગાવ્યા; મધુર ખુશબૂવાળા ઊંચા–ઊંચા તેલ–લવન્ડર તેને જ લગાવ્યા, અને શરબતના ઊંચા

किन्तु आज यह यों कहती है, देखो खींचातानी को।
हाय! कहो अब कैसे छोड़ुँ, अपनी प्रीत पुरानी को? (९)

काया-[ जोरसे हँसकर ] गुरुदेव! यह क्या पागल सरीखी बातें बकता है?'

मैं हूँ जड, ये है गुरु चेतन, इनके मेरे काम जुदे हैं।
खाते हैं खुद ये ही स्वामी, दूध मलाई पेंडे हैं।
शरबतके प्याले भरभर कर, हाय! चेतनजी पीते थे।
ये ही गंध खुश्बूवाले, दौड दौड कर लाते थे।
किन्तु झूठा दोष लगा, मेरी करते बदनामीको।
हाय! कहो अब कैसे छोड़ुँ, अपनी रीत पुरानी को? (१०)

गुरुदेव-कहो चेतनजी! काया जो बात बता रही है वह तो ठीक प्रतीत होती है। उस पर आप क्या कहना चाहते हो?

चेतन- इस पापिनके पीछे मैनें, भक्ष्याभक्ष्य सभी खाये।
आलू गोबी और टमाटर, झोली भरभरके लाये।
रात गिनी नहिं दिवस गिना नहिं, जब आया तबही खाया।
पिया तेल कोडलिव्हरका अरु इंजक्शन भी लगवाया।

પ્યાલા પણ તેને જ પીવડાવ્યા છે.-છતાં આજે તે મારી સાથે આવવાની ના કહીને ખેંચાતાણી કરે છે. -દેખો અન્યાય! હાય રે, શરીર સાથેની મારી જીવનભરની પ્રીતિને હવે હું કેમ **છોડું**?-એના વગર એકલો ક્યાં જાઉં? (૯)

-ચેતનની એ વાત સાંભળતાં કાયા જોરથી હસીને કહે છે કે હે ગુરુદેવ! આ ચેતન આવી પાગલ જેવી વાત કેમ બકે છે! હે સ્વામી! હું તો જડ છું ને તે ચેતન છે, તેનું અને મારું કામ **તદ્દન** જુદું છે. દૂધ-મલાઇ ને પેંડા ખાવાની ઈચ્છા તો તે કરે છે, શરબતના પ્યાલા ભરીભરીને પીવાની ઇચ્છા તો ચેતનજી કરે છે, સુગંધી-ખુશબૂ તરફ એનું ચિત્ત દોડે છે,-હું તો એ કોઈ વસ્તુની ઇચ્છા કરતી નથી, છતાં આ ચેતન મારા પર જૂઠો આરોપ લગાવીને મારી બદનામી કરે છે.-પણ હે નાથ! હું મારી પુરાણી રીતને કેમ **છોડું**? (૧૦)

ગુરુ કહે છે-અરે ચેતનજી! આ કાયા જે વાત કહે છે તે તો વ્યાજબી લાગે છે, તો તે સંબંધમાં તમારે શું કહેવાનું છે?

ત્યારે ચેતનજી જરા ક્રોધથી કહે છે કે-અરે! આ પાપિણી કાયા ખાતર મેં ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કર્યા વગર આલુ-કંદમૂળ ફૂલકોબીચ વગેરે ખાધું, રાત-દિવસ જોયા વગર જ્યારે આવ્યું ત્યારે ખાધું, કોડલીવર

इतने पर भी अकड अकड कर, बता रही मर्दानीको।
हाय! कहो अब कैसे छोडुँ, अपनी प्रीत पुरानीको? ११

काया-साफ झूठा है गुरुदेव इसका कहना! सुनिए मेरा इस पर उत्तर-

भक्ष्याभक्ष्य पदार्थ ही मेरे खातिर न कभी खाये हैं।
अपनी ममता की पूर्ती हित, तुमने माल उडाये हैं।
रे चेतन! तुं हुआ लोलुपी, रात दिवस अन्याय किया।
सुन्दर नारीसे रमनेको मछलीका भी तेल पिया।।
अरे! मैंने कईबार धिक्कारा तेरी इस नादानीको।
हाय! कहो अब कैसे छोडुँ, अपनी रीत पुरानी को? १२

चेतन- गुरुदेव! आश्चर्य है इस कायाकी इन कृतघ्नताभरी बातोंका!

इसी देहके पीछे मैंने, धर्म कर्म सब छोड दिया।
मात-पिता-सुत-नारि मित्रसे, मैंने नाता तोड दिया।
जो आज्ञाएं इसने दी, वे सब मैंने पूरी की थी।
इसके पीछे पाप-पुण्य की सभी बला सिरपर ली थी।।
किन्तु आज देखो ये कैसी, करती है हैवानीको।
हाय! कहो अब कैसे छोडुँ, अपनी प्रीत पुरानी को? १३

માછલીનાં તેલ પીધાં ને ઇન્જેકશન પણ લીધાં; આટલું–આટલું કરવા છતાં આ કાયા અક્કડપણે પોતાની બહાદૂરી બતાવે છે ને મારો દોષ કાઢે છે! અરે, આ કાયાની પુરાણી પ્રીતને હવે હું કેમ **છોડું**? (૧૧)

કાયા ઉશ્કેરાઇને કહે છે કે હે ગુરુદેવ! આ ચેતનની વાત **તદ્દન** ખોટી છે. મારી વાત સાંભળો–ભક્ષ્યાભક્ષ્ય પદાર્થ એણે મારી ખાતર કદી નથી ખાધા, માત્ર પોતાની મમતા પૂરી કરવા ખાતર તેણે માલ ઊડાવ્યા છે. અરે ચેતન! તેં લોલૂપી થઈને રાતદિવસ અન્યાય કર્યા, સુન્દર સ્ત્રી સાથે રમણ કરવા માછલીનું તેલ પણ પીધું; અરે, તારી આવી નાદાનીને મેં ઘણીવાર ધિક્કારી...પણ તું ન માન્યો. હવે હું મારી પુરાણી રીતને કેમ **છોડું**? (૧૨)

ચેતન કહે છે–હે ગુરુદેવ! આ કાયાની આવી કૃતઘ્નતા ભરેલી વાત સાંભળીને મને આશ્ચર્ય થાય છે! આ કાયાની પાછળ મેં મારા બધા ધરમ–કરમ છોડી દીધા, માતા–પિતા–પુત્ર–નારી–મિત્ર –એ બધાનો સંબંધ પણ તોડયો; કાયાએ મને જે–જે આજ્ઞા કરી તે બધી મેં પૂરી કરી; એને ખાતર પાપ–પુણ્યની અનેક બલા માથે ચડાવી; છતાંય જુઓ તો ખરા! આજ તે કેવી હેવાની કરે છે! અરેરે, હું કાયા સાથેની પુરાણી પ્રીતને કેમ **છોડું**? (૧૩)

काया-आश्चर्य है गुरुदेव! हैवानी यह खुद करता है। और दोष मेरे सिर लगाता है।

इसी निगोडे चेतनने, सब धर्म कर्म ही छोड दिया
मात-पिता-सुत-नारि-मित्रसे, इसी मूर्खने कपट किया।
मेरी इच्छाके विरुध्ध, पापीने पाप कमाये थे
खुद इसने ही अत्याचारोंके तूफान उठाये थे।।
फिर भी दोष लगाता मुझको, धिक्कार रहो इस प्राणीको।
हाय! कहो अब कैसे छोडुँ, अपनी रीत पुरानीको? १४

चेतन-अब बहुत निराश होकर करुणाभरे स्वरमें कहता है-

हे काये! मैं करुं निवेदन, दया करो मुझ दुखियापर
प्रीत पुरानी जरा निभालो, साथ हमारे तुम चलकर।
हाथ जोड़कर तेरे पगमें, अपना शीष झुकाता हूँ
चलो साथ, नहिं रहो यहाँ, मैं अपना कसम दिलाता हूँ।।
बार-बार मैं मांगत माफी, क्षमा करो अज्ञानीको
हाय! कहो अब कैसे छोडुँ, अपनी प्रीत पुरानीको? १५

काया-हे चेतन मैं करुं निवेदन, मुझे न अब तुम तंग करो
प्रीत यहीं तक तेरी-मेरी, आगेकी मत आश करो।

કાયા બોલી–આશ્ચર્ય છે હે ગુરુદેવ! હેવાની તો ચેતન પોતે કરે છે અને દોષ મારા ઉપર ઢોળે છે. આ નગુણા ચેતને બધા ધરમ–કરમ છોડી દીધા, માતા–પિતા–સુત–નારી–મિત્ર એ બધા સાથે મૂરખાએ કપટ કર્યું, મારી ઇચ્છા વિરુધ્ધ એ પાપીએ પાપ બાંધ્યા, અને તેણે જ અત્યાચારોના તોફાન ઊભા કર્યા; છતાંય, ધિક્કાર છે આ પ્રાણીને કે દોષ મારા ઉપર લગાવે છે.–પણ અરેરે, મારી પુરાણી રીતને હું કેમ **છોડું**?–પરભવમાં જીવની સાથે હું કેમ જાઉં? (૧૪)

હવે ચેતન નિરાશ થઈ ગયો ને કરુણાભરેલા અવાજથી કાયાને વિનવવા લાગ્યોઃ હે કાયા! આ દુઃખિયા ઉપર કરુણા કરીને તું મારી સાથે ચાલ...ને આપણી પુરાણી પ્રીતિને થોડીક નીભાવી લે. હું હાથ જોડીને તારા પગમાં શિર ઝુકાવું છું...મારા સોગન્દ આપીને હું તને કહું છું–કે હે કાયા! તું અહીં ન રહે, મારી સાથે ચાલ. હું મારી ભૂલની વારંવાર માફી માંગું છું...તું મને–અજ્ઞાનીને ક્ષમા કર...ને મારી સાથે ચાલ! હું તારા અનાદિના સ્નેહને કેમ **છોડું**? (૧૫)

કાયા કહે છે–હે ચેતનજી! હું તમને વિનંતી કરું છું કે હવે મને હેરાન ન કરો. મારી ને તારી પ્રીતિ અહીં આ ભવ સુધી જ હતી, તે પૂરી થઈ, હવે આગળની આશા ન કરો. હું તને હાથ જોડીને કહું

हाथ जोडकर कहती हूँ, ये अनहोनी नहिं होने की
चाहे सौ-सौ कसमें दो, या घडी बताओ सोनेकी।।
किन्तु साथ नहिं गयी किसीसे, पूछो ज्ञानी-ध्यानीको
हाय! कहो अब कैसे छोडुँ, अपनी रीत पुरानीको?।।१६

चेतन-हे गुरुदेव! दया करके, इस कायाको समझा दीजे
साथ हमारे इसे भेजकर, मेरा काम बना दीजे।
पर-उपकारी दुखहारी तुम, कुरुणानिधी कहाते हो
छोटेसे छोटासा झगडा, नाहक नाथ! बढाते हो।।
जरा दया कर सुनलो स्वामी, मेरी करुण कहानीको।
हाय! कहो अब कैसे छोडुँ, अपनी प्रीत पुरानीको?।।१७

काया-हे गुरुदेव! दया करके इस चेतनको समझा दीजे
यों शरीरका सत्‌स्वरूप इस चेतनको बतला दीजे।
दीननाथ! तुमने ही तो मुझसे सब नाता तोडा है
शिव-सुंदरीके अटल प्रेमसे तुमने नाता जोडा है।।
इसीलिए 'छोटा' कहता है, सुनो जरा जिनवाणी को।
हाय! कहो अब कैसे छोडुँ, अपनी रीत पुरानीको?।।१८

છું કે પરભવમાં હું તારી સાથે આવું–એવી અશક્ય વાત કદી બનવાની નથી;–તું ભલે ચાહે સેંકડો સોગંદ દે કે સોનાની ઘડિયાળ દે.–પરંતુ કદી કોઈની સાથે પરભવમાં ગઈ નથી. તું જ્ઞાની ધ્યાનીને પૂછી જો–કે હું કોઈની સાથે ગઇ છું? નથી ગઈ; તો મારી એ પુરાણી રીતને હવે હું કેમ **છોડું**? (૧૬)

છેવટે ચેતન પ્રાર્થના કરે છે–હે ગુરુદેવ! દયા કરીને તમે આ કાયાને સમજાવો, અને તેને મારી સાથે મોકલીને મારું કામ કરી આપો. તમે તો કરુણાનિધિ છો, પરોપકારી છો ને દુઃખ હરનારા છો; તો અમારો આ નાનકડો ઝગડો નાહકનો શા માટે લંબાવો છો! જરાક દયા કરીને મારી કરુણકથા સાંભળો. અરેરે! આખી જીંદગી જે કાયાની પ્રીતિમાં વીતાવી તે કાયાની જુની પ્રીતિને હવે મરવા ટાણે હું કેમ **છોડું**?

છેવટે કાયા પણ કહે છે કે હે ગુરુદેવ! આપ દયા કરીને આ ચેતનને સમજાવો....અને આ શરીરનું સાચું સ્વરૂપ તેને બતાવો....હે દીનાનાથ! તમે પોતે પણ દેહથી આત્માની ભિન્નતા જાણીને, મારી સાથેનો બધો સંબંધ તોડયો છે ને અટલ પ્રેમપૂર્વક મોક્ષસુંદરી સાથે સંબંધ જોડયો છે. અરે, છોટા–કવિ પણ એ જ વાત કહે છે, અને જરાક જિનવાણી સાંભળી જુઓ–તો તે પણ એ જ વાત કહે છે કે દેહ અને આત્મા ભિન્ન છે. તો પછી હવે હું મારી આ અનાદિ રીતને કેમ **છોડું**?–માટે હે ચેતનભાઈ! તમે સમજો...ને હવે મારો મોહ છોડીને એકલા અશરીરીપણે મોક્ષપુરીમાં જાઓ....તો તમે સુખી થશો. (૧૮)

–આ પ્રમાણે ચેતન અને કાયા એ બંનેની વાત સાંભળીને છેવટે શ્રીગુરુએ સંપૂર્ણપણે ચેતનને તેનું સ્વરૂપ સમજાવતાં કહ્યું કે–અરે ચેતન! કાયાને સાથે લઇ જવાનો તારો અજ્ઞાનભરેલો આગ્રહ તું છોડી દે! કાયાની વાત સાચી છે. પરમાર્થરૂપ સાચું તત્ત્વ તો એ છે કે તું ચેતન છો ને કાયા જડ છે, બંને સર્વથા જુદા છો; પણ તારું અજ્ઞાન અને મોહ તને તે સત્ય તત્ત્વનો બોધ થવા દેતા નથી. અજ્ઞાનથી તું કાયાને પોતાની માની બેઠો છે, તે માન્યતા શીઘ્ર છોડી દે, અને કાયાથી ભિન્ન પોતાના અસંયોગી ચેતનસ્વરૂપી આત્માનું સાચું સ્વરૂપ સમજી લે. કાયાની માયામાં મફતનો શા માટે હેરાન થઈ રહ્યો છે? એનું તો સ્વરૂપ જ વિનાશીક અને અનિત્ય છે, તું આત્મા અવિનાશી નિત્ય રહેનાર છો. માટે હે ચેતનભૈયા! હવે તો આંખ ઊઘાડ! અને તારી અખંડતા નિત્યતા તથા શુદ્ધતાનો સાક્ષાત્ અનુભવ કર.

સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ છે,
તે કેમ પુદ્ગલ થઈ શકે?–કે મારું આ તું કહે અરે!

શ્રી ગુરુનો આવો સારભૂત ઉપદેશ સાંભળીને ચેતન પોતાના અજ્ઞાનને છોડીને પ્રતિબુદ્ધ થયો, હવે તે પોતે પોતાનું સ્વરૂપ પોતાના મુખથી કહે છે–


હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન–દર્શનમય ખરે;
કંઇ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે.
મારો સુશાશ્વત એક દર્શન–જ્ઞાનલક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.
હું દેહ નહીં, વાણી ન, મન નહીં, તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં.

અહા, હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું. શ્રી ગુરુએ ઉપયોગલક્ષણ સમજાવીને, દેહથી ભિન્ન મારું ચૈતન્યસ્વરૂપ મને દેખાડયું. સ્વસંવેદનથી મારું ચૈતન્યસ્વરૂપ જાણીને હવે દેહાદિ અચેતનવસ્તુ મને જરા પણ મારી ભાસતી નથી, તે મારાથી બાહ્ય છે. હું ચેતન, દેહ અચેતન; હું અમૂર્ત, શરીર મૂર્ત; હું અસંયોગી, શરીર સંયોગી; હું આનંદનું ધામ, શરીર અશુચીનું ધામ; મારે તેની સાથે કાંઈ લાગતું–વળગતું નથી. દેહની ભસ્મ થાય તેથી કાંઈ મારું મૃત્યુ થતું નથી. દેહ ઉપર હું ગમે તેટલો ઉપકાર કરું, કે તેની પુષ્ટિ માટે ને તેની શોભા માટે હું ગમે તેટલા પાપ કરું, તોપણ આ કૃતઘ્ની કાયા મારા પર કંઈ પણ ઉપકાર કરવાની નથી; તેને માટે મેં જે પાપ કર્યાં તે પાપનું ફળ ભોગવવા કાંઈ તે મારી સાથે આવવાની નથી. માટે તેનો મોહ છોડીને હવે મારું હિત કરવું છે ને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ એવો અશરીરી અતીન્દ્રિયભાવ પ્રગટ કરવો છે કે જેથી ફરીને કદી આવી કાયાનો સંગ જ ન થાય.

કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવ–અંતનો ઉપાય છે.

# યાદ આવે છે આકાશગામી અરિહંતો.....ગગનવિહારી સંતો અને તેમનો નિરાલંબી મુક્તિપુરીનો માર્ગ.

( લે. બ્ર. હરિલાલ જૈન )



[ ગુરુદેવ હાલમાં જે વિસ્તૃત પ્રવાસ કરી રહ્યા છે તેમાં અનેક વખત વિમાનમાં ગગનવિહારનો પ્રસંગ આવે છે. ગુરુદેવ સાથે ગગનવિહારનો પ્રસંગ આ પત્રના સંપાદકને અનેકવાર પ્રાપ્ત થયો છે. ગત વર્ષમાં એક વિમાનપ્રવાસ વખતે વિમાનમાં બેઠાબેઠા જે ભાવનાઓ લખેલી, તે અહીં આપવામાં આવે છે. )

–‘અહા, ગુરુ સાથે નિરાલંબી મોક્ષપંથે જઈ રહ્યા છીએ.’ સમ્યક્ત્વાદિ નિરાલંબીભાવ જાગતાં પહેલાં નિરાલંબીપણા તરફનો મહાન વેગ ઊપડે છે તેમ, ગગનવિહાર પહેલાં તે માટેનો મહાન વેગ શરૂ થયો. વિમાને વેગ પકડયો. હજી જમીન ઉપર દોડે છે! આહા, કેવો વેગ! હજી તો સવિકલ્પ દશામાં જ છીએ...ત્યાં તો એકક્ષણમાં નિર્વિકલ્પદશામાં આવી ગયા. ચૈતન્ય તરફના તીવ્ર વેગથી, સવિકલ્પમાંથી નિર્વિકલ્પ ક્યારે થઈ જવાય છે!–તે લક્ષ રહેતું નથી, તેમ વેગવાળું વિમાન જમીનનું આલંબન છોડીને ક્યારે નીરાલંબી થઈ ગયું–તેનું લક્ષ પણ ન રહ્યું. વેગ તો નિરાલંબી તરફ જ હતો. જ્યાં બારીમાંથી

બહાર જોયું ત્યાં તો નીચે દરિયો, પણ અમે તો એ–દરિયાની ઉપર તરીએ છીએ, ઊડીએ છીએ; વચ્ચે અનેક નગરીઓ દેખાય છે પણ તે નગરીથી અત્યંત અલિપ્ત છીએ. આખી નગરીને જોવા છતાં તેનાથી ઘણા ઊંચે, નિજસ્થાને જ ગમન કરીએ છીએ.

અતિશય ઝડપ અને છતાં અત્યંત મધુરી શાંતિ! સ્વાનુભૂતિમાં પરિણામની અતિશય ઝડપ અને છતાં કેવી મધુરી શાંતિ! બધું જોયા કરવાનું ગમે છે અને છતાં ક્યાંય મોહ નથી થતો,–નિર્લેપપણે દુનિયાને દેખી રહ્યા છીએ. સર્વત્ર જાણે સુંદરતા જ વ્યાપેલી છે. અહા, ચૈતન્ય પોતે પોતાની સુંદરતામાં હોય ત્યારે તેને માટે આખુંય વિશ્વ સુંદર જ છે, એને માટે અસુંદર જગતમાં કાંઈ નથી.

ગુરુ તો સાથે જ છે. સાલંબીભાવ વખતે બહારમાં ગુરુનું અવલંબન હતું, તો આ નિરાલંબી ભાવમાં ગુરુનો સાથ છે...ગુરુ પણ નિરાલંબી, ને તેના માર્ગે ચાલનારા જીવો પણ નિરાલંબી. અહો! ચૈતન્યનો નિરાલંબી માર્ગ! કેટલો સુંદર છે! કેવો પ્રશસ્ત છે! ને ઇષ્ટ–સ્થાને કેવી ઝડપથી પહોંચાડે છે! અહા! આવા માર્ગે જતાં નિજધ્યાનની શાંત ઉર્મિઓ જાગે છે!

જગતની કોઈ જંજાળ નથી. જગતનો કોઈ કોલાહલ નથી.

જગતની કોઈ પ્રવૃત્તિ નથી. માર્ગમાં કોઈ રૂકાવટ નથી.

જેમ વિમાનપ્રવાસ શરૂ કરતાં પહેલાં ત્રણ ત્રણ વખત ચેકીંગ કરાવીને નિઃશંકતા કરી, તેમ ચૈતન્યના નિરાલંબી માર્ગમાં આવતાં પહેલાં વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્રનું પૂરેપૂરું ચેકીંગ કરીને, બરાબર પરીક્ષા કરીને, માર્ગની નિઃશંકતા પ્રાપ્ત કરી; ને પછી નિઃશંકતાના બળે માર્ગ શરૂ કર્યો...જ્ઞાનગગનમાં ઊડયા! અહા, માર્ગ શરૂ થયા પહેલાં વિમાનમાં કેવો બફારો થતો હતો! સૌ કેવા અકળાતા હતા! ને પરસેવે રેબઝેબ થઈને નીતરતા હતા! પણ જ્યાં માર્ગમાં પ્રવાસ શરૂ થયો ત્યાં અકળામણ મટી ગઈ, ને કેવી મીઠી શાંતિ ને ઠંડક આવવા માંડી! તેમ ચૈતન્યમાર્ગમાં જીવ જ્યાં સુધી ચાલવા ન માંડે ત્યાં સુધી જ તેને અકળામણ ને મૂંઝવણ થાય છે; પણ જ્યાં માર્ગમાં ચાલવા માંડે છે – પરિણતિ અંતરમાં વળે છે, ત્યાં તો બધી અકળામણ મૂંઝવણ કે કષાયનો બફારો દૂર થઈને પરમ શીતળ–શાંતિ વેદનમાં આવે છે. માર્ગમાં થાક લાગતો નથી.

વાહ રે વાહ! ધન્ય શ્રી ગુરુઓનો નીરાલંબી માર્ગ! ને ધન્ય એ નીરાલંબી માર્ગનો પ્રવાસ!

અઢીસો–ત્રણસો માઇલની ઝડપથી ચાલતું હોવા છતાં, વિમાન પોતે પોતામાં હોવાથી જાણે સ્થિર હોય તેવું લાગે છે; તેમ પરિણતિ નિરંતર પરિણમતી હોવા છતાં પોતે આત્માના નિજસ્વરૂપમાં સ્થિર હોવાથી, આત્મા સ્થિર–શાંત અનુભવાય છે, તેમાં પરિણમનજન્ય કોઈ આકુળતા નથી.

દુનિયાથી દૂર–દૂર **જુદા** હોવાને કારણે દુનિયાને જોવાનું સહેલું પડે છે, ઘણી દુનિયા એકસાથે દેખાય છે, ને આવડી મોટી દુનિયા જ્ઞાન પાસે તો સાવ નાનકડી લાગે છે, જ્ઞાનની મહાન વિશાળતા દેખાય છે. તેમ આત્મા પરભાવોથી જુદો પડીને તેનાથી દૂર થયો ત્યાં હવે પરભાવને કે જગતના જ્ઞેયોને જાણવાનું સહેલું પડે છે, ઘણું જાણવા છતાં રાગ–દ્વેષ થતા નથી પણ ઊલ્ટી વીતરાગી શાંતિ વધતી જાય છે. ઘણા જ્ઞેયો, સૂક્ષ્મ ભાવો બધું એકસાથે દેખાય છે. આટલા બધા જ્ઞેયોને જાણવા છતાં જ્ઞાન પાસે તો તે અત્યંત અલ્પ લાગે છે, ને જ્ઞાનની વિશાળતા ઘણી–ઘણી મહાન છે,–તે મહાનતા પોતામાં જ સમાય છે. વાહ રે વાહ આત્મદેવ!

નીરાલંબી પ્રવાસ કરતાં–કરતાં યાદ આવે છે સિદ્ધ ભગવંતો! યાદ આવે છે ગગનવિહારી અરિહંત ભગવંતો! યાદ આવે છે થોડેક ઊંચે બિરાજમાન આકાશગામી કુંદકુંદદેવ! અને તેમનું વિદેહગમન!

આત્મા મોટો છે, દુનિયા નાની છે. નીચે તો બસ, દરિયો જ દરિયો છે! નીચે દરિયો, છતાં તેના ઉપર ઊડીને ઇષ્ટ–સ્થાને જઈ રહ્યા છીએ. તેમ ભવસમુદ્રનો મોટો દરિયો, છતાં ભેદજ્ઞાનરૂપી એરોપ્લેનમાં બેસીને તેને તરી રહ્યા છીએ. એરોપ્લેનમાં બેસવું તે જીવોને નવીન લાગે છે–પણ આ ભેદજ્ઞાનરૂપી નિરાલંબી પ્લેનમાં બેસવાની જે આનંદમય અપૂર્વતા છે તેનો સ્વાદ તો કોઈ અભૂતપૂર્વ, આશ્ચર્યકારી છે. સંતોના પ્રતાપે અમને એ નવીનતા પ્રાપ્ત થઈ ગઈ છે. જેમ એરોપ્લેનની મુસાફરી પણ જીંદગીમાં સંતોના જ પ્રતાપે થઈ છે, તેમ ચૈતન્યગગનમાં પ્રવાસ પણ અહો! સંતોના પ્રતાપે થયો છે.

નિરાલંબી પ્રવાસમાં મારા ઉપયોગને પણ નિરાલંબી કરું છું. ચિદાનંદના ધ્યાનરૂપ મુક્તિમાર્ગ નીરાલંબી છે, તેનો સૂચક નિરાલંબી ગગનપ્રવાસ ચાલી રહ્યો છે.

અહો, જિનેન્દ્રો! આપ યાદ આવો છો. આપ તો સદાય આકાશમાં જ ચાલનારા છો. સદાય નીરાલંબી ઉન્નતગામી જ છો. આપને પૃથ્વીનું આલંબન નથી.

પ્રભો! હું પણ આપના જ નીરાલંબી માર્ગે ચાલી રહ્યો છું. અન્યના અવલંબન

વગરની સ્વાધીન ચેતના તે આપનો માર્ગ છે. આપની જેમ અમે પણ નીરાલંબી માર્ગે આવી રહ્યા છીએ.

અહા, ગગનમાં તો શાંતિ જ હોય ને? ચૈતન્યતત્ત્વ કેવું શાંત નિરાલંબી છે! પ્રભો! સમવસરણનો સંગ છતાં આપ અસંગભાવે રહો છો; તેમ યાત્રામાં અન્ય યાત્રિકોનો સંગ છતાં હું અસંગભાવે વર્તી રહ્યો છું. કેટલી ઝડપથી ગમન થઇ રહ્યું છે –છતાં કેવી સ્થિરતા ને શાંતિ છે! ઝડપ હોવા છતાં આકુળતા નથી. આત્મા એક સેકન્ડમાં અસંખ્યભાવની ઝડપે પરિણમતો હોવા છતાં કેવું સ્થિર અને શાંત પરિણમન છે! આટલી ઝડપ છતાં આકુળતા નથી.

દુનિયાથી આત્મા કેવો અલિપ્ત છે!–બહાર નજર કરો તો દુનિયા નજરે દેખાય છે પણ આત્મા તેનાથી અલિપ્ત જ રહે છે. દુનિયાથી ઊંચે ઊંચે અલિપ્તપણે દૂરદૂર રહીને જોતાં દુનિયા પણ કેવી શાંત અને સુંદર લાગે છે! ક્યાંય **ક્લેશ** કે અશુદ્ધતા દેખાતા નથી. તેમ અલિપ્તભાવે જ્ઞાનગગનમાં ઊંચે ઊંચે–પરિણમતા આત્માને માટે દુનિયા પણ સુંદર છે, તેને માટે ક્યાંય **ક્લેશ** નથી, અસુંદરતા નથી. પોતે પોતાના અલિપ્ત સુંદર ચૈતન્યભાવમાં પરિણમી રહ્યો છે તેને માટે બધું જ સુંદર છે!

નીચેથી દેખનારી દુનિયા અમારા વિમાનને સાવ નાનકડું દેખે છે, પણ તે કેવડું મોટું છે તે તો અંદર બેઠેલાને દેખાય છે; તેમ ચૈતન્યનો સાધકભાવ કેટલો મહાન છે તેને દૂરના (સંસારી) જીવો દેખી નથી શકતા. કદાચ મહિમા કરે તો થોડોક કરે છે, પણ એની મહાન ગંભીરતાને તો તેમાં બેસીને તે ભાવનું વેદન કરનારા જ જાણીએ છીએ. આહા! કેવું મહાન છે ચૈતન્યવેદન! એમાં બેસીને મુક્તિ–પ્રવાસની કેવી અદ્‌ભુત મોજ છે!

લોકોમાં બહારના વિમાનમાં બેસનાર પણ જાણે પોતાનું ગૌરવ અનુભવે છે, તો ચૈતન્યની આનંદમોજમાં વિહરનારા જીવોને નીરાલંબી ચૈતન્યભાવનું જે ગૌરવ છે, ને લોકમાં જે શ્રેષ્ઠતા છે,–તેની શી વાત!!

અમે ચૈતન્ય–પથના વિહારી... અમે જ્ઞાનગગનના વિહારી!
અમને આનંદ અપરંપારી... અમે સિદ્ધપદના વિહારી.
અમે ગુરુ સાથે જઈએ... અમે ગુરુ–માર્ગે જઈએ
અમે જ્ઞાનની પાંખે ઊડીએ... અમે જગથી ઊંચે જઈએ.

વચ્ચેની જમીન પર કેટલાય ટેકરા ને ખાડા આવે છે, ઊંચા પર્વતો ને ઊંડાં

સમુદ્રો આવે છે, પણ ગગનવિહારીને શું ? તેમ અનુકૂળ–પ્રતિકૂળ સંયોગના ખાડા ટેકરાં, કે હરખ–શોક વચ્ચે ભલે આવે, પણ ચૈતન્યવિહારી થઈને મોક્ષમાર્ગના ગગનમાં ગમન કરનારી ચેતનાને તે નડી શકતાં નથી; માર્ગ ચૈતન્યભાવના અવલંબને સીધોસટ ચાલ્યો જાય છે. વિમાન સહેજ ઊંચું–નીચું થતાં જરા આંચકો લાગે છે ને તેનો ખ્યાલ આવે છે –પણ તેથી ગતિ અટકતી નથી, તેમજ એવો ભય થતો નથી...કે વિમાન પડી જશે ! તેમ મોક્ષમાર્ગમાં ચાલતાં–ચાલતાં સહેજ ચડ–ઊતર પરિણામ થાય તે ખ્યાલમાં આવે છે, –પણ મોક્ષ તરફની ગતિ અટકતી નથી, તેમજ એવો ભય થતો નથી કે હું માર્ગથી ડગી જઈશ.

અહા, બહારના આ ગગનવિહાર કરતાંય અંદરના ચૈતન્યવિહારની કેવી અદ્ભુત બલિહારી છે ! કેવું નિરાલંબીપણું છે ! કેવી શાંતિ છે ! કેવી ઉન્નતિ છે ! વાહ રે વાહ ! વીરનાથની મુક્તિપુરીના માર્ગમાં ચૈતન્યગગનવિહારનો આનંદકારી પ્રસંગ ધન્ય છે.

* * * * *

## મહાવીર નિર્વાણમહોત્સવમાં વીરબાળકોનો ઉત્સાહ

ભગવાન મહાવીરના અઢીહજારવર્ષીય નિર્વાણમહોત્સવનો જે અનેરો પ્રસંગ આપણા જીવનમાં આવ્યો છે તેના હર્ષોલ્લાસના પ્રતીક તરીકે ખાસ બાળકો તેમજ વડીલો તરફથી અઢીહજાર પૈસા આત્મધર્મ–બાલવિભાગમાં આવી રહ્યા છે, તેની યાદી–

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૨૧ | તરંગીણી ચારૂચંદ્ર શેઠ | અમદાવાદ | ૫૩૦ | દર્શનબાળા જૈન | દિલ્હી |
| ૫૨૨ | નીખીલેશ ચારૂચંદ્ર શેઠ | અમદાવાદ | ૫૩૧ | તારાચંદ જૈન | દિદાદરા |
| ૫૨૩ | છોટાલાલ લલ્લુભાઈ અજમેરા | દામનગર | ૫૩૨ | મિશ્રીલાલ જૈન | કરેરા |
| ૫૨૪ | જીતેન્દ્ર નાગરદાસ મોદી | સોનગઢ | ૫૩૩ | વિનોદકુમાર શ્રીરામ જૈન | દિલ્હી |
| ૫૨૫ | ચિરાગ નવનીતલાલ જોબાલીયા | અમદાવાદ | ૫૩૪ | અજિતકુમાર ચીમનલાલ જૈન | પાદરા |
| ૫૨૬ | શિષિર એસ. સંઘવી | પુના | | આત્મધર્મ પ્રચાર માટે – | |
| ૫૨૭ | ઇન્દ્રવદન કેશવલાલ શાહ | માલાવાડા | ૫૧/– | શાંતિલાલ ઠાકરશી | ઘાટકોપર |
| ૫૨૮ | વિનીતકુમાર જૈન | મુરાદાબાદ | ૨૧/– | વીરજી ભીમજી પટેલ | કાનાતળાવ |
| ૫૨૯ | બાલમુકુંદ શિખરચંદ જૈન | દિલ્હી | | | (તા. ૧૪–૩–૭૫ સુધી) |

[આ ઉપરાંત કલકત્તાના ૫૫ જેટલા બાલસભ્યો તરફથી પણ ૨૫/– રૂપિયા (કુલ ૧૩૭૫/–) આવેલ છે; તે નામો હવે પછી આપીશું.]

# સિદ્ધવરકૂટ ધામમાં ઉલ્લસેલી સિદ્ધભક્તિ

**સં. ૨૦૧૩ માં સિદ્ધવરકૂટ સિદ્ધિધામની અતિ ઉલ્લાસભરી યાત્રા બાદ ત્યાં પૂ. ગુરુદેવનું પ્રવચન થયું હતું. એ સિદ્ધિધામના ઉપશાંત વાતાવરણમાં સિદ્ધભગવંતો પ્રત્યે હૃદયની ભક્તિ-ઊર્મિઓ ગુરુદેવે વ્યક્ત કરી હતી. ફરીને એ સિદ્ધવરકૂટ-સિદ્ધધામની યાત્રા થઈ રહી છે-તે પ્રસંગે એ સિદ્ધિધામનું પ્રવચન વાંચતાં જિજ્ઞાસુઓને આનંદ થશે.**

જુઓ, આ સિદ્ધવરકૂટ તીર્થ છે. 'સિદ્ધ–વર–કૂટ!' અહા! સિદ્ધભગવંતો જગતના ઉત્કૃષ્ટ શિખર સમાન છે. એવા ઉત્કૃષ્ટ શિખર સમાન સિદ્ધપદને કરોડો જીવો અહીંથી પામ્યા તેથી આ ક્ષેત્ર 'સિદ્ધવરકૂટ' છે. અહીંનો દેખાવ પણ એવો છે કે જાણે ચારેકોર મુનિઓ ધ્યાનમાં બેઠા હોય! બે ચક્રવર્તી, દશ કામદેવ અને સાડાત્રણ કરોડ મુનિવરો અહીંથી મોક્ષ પધાર્યા છે, તેઓ અહીંથી ઉપર લોકાગ્રે સિદ્ધાલયમાં બિરાજે છે. (–આમ કહીને ગુરુદેવે ઉપર નજર કરીને, હાથ વડે સિદ્ધાલય બતાવ્યું; પછી ઉપરના સિદ્ધભગવંતોને જાણે કે પોતાના તેમજ શ્રોતાઓના હૃદયમાં ઉતારતા હોય તેમ કહ્યુંઃ–)

અહો, સિદ્ધભગવંતો! આપને નમસ્કાર હો. 'वंदित्तु सव्वसिद्धे' એમ કહીને સમયસારના માંગળિકમાં જ આચાર્યદેવ સર્વ સિદ્ધભગવંતોને પોતાના તેમ જ શ્રોતાઓના આંગણે બોલાવીને તેમને નમસ્કાર કરે છે. અહા, સિદ્ધભગવંતો અક્રિય–ચૈતન્યબિંબ છે, તેમને શાંતપરિણતિ થઈ ગઈ છે, આપણા મસ્તક ઉપર સમશ્રેણીએ લોકના ઉત્કૃષ્ટસ્થાને તેઓ બિરાજે છે, સિદ્ધભગવંતો લોકના અગ્રેસર છે તેથી લોકના શિરે બિરાજે છે. જો તેઓ અગ્રેસર ન હોય તો લોકની ઉપર કેમ બિરાજે? જેમ પાઘડી કે મુગટને લોકો શિર ઉપર ધારણ કરે છે તેમ સિદ્ધભગવાનનું સ્થાન પણ લોકના શિર ઉપર છે, તેઓ જગતમાં સૌથી શ્રેષ્ઠ છે. સાધકોએ અનંત સિદ્ધભગવંતોને પોતાના શિર ઉપર રાખ્યા છે....ધ્યેયરૂપે હૃદયમાં સ્થાપ્યા છે. આ રીતે 'સિદ્ધ' ભગવંતો 'વર' એટલે કે ઉત્કૃષ્ટ 'કૂટ' એટલે કે શિખર છે. –આમ સિદ્ધભગવાનમાં 'સિદ્ધવરકૂટ' નો ભાવાર્થ ઊતાર્યો. આવા સિદ્ધભગવંતોને ઓળખીને ધ્યેયરૂપે પોતાના આત્મામાં સ્થાપવા–એટલે કે પોતાના આત્માને તે સિદ્ધિના પંથે પરિણમાવવો તે સિદ્ધિધામની પરમાર્થ જાત્રા છે.

જુઓને, અહીંનો આસપાસનો દેખાવ પણ કેવો છે! મોક્ષના સાધક મુનિઓ

આવા ધામમાં રહે, ને ચૈતન્યના ધ્યાનમાં મશગુલ હોય. વાહ, એ મુનિદશા!! પહેલાંના કાળમાં આવા વનજંગલમાં રહીને અનેક મુનિઓ કારણપરમાત્માને ધ્યાવતા હતા...ને કેવળજ્ઞાન પામીને મોક્ષ પામતા હતા. દરેક આત્મા પોતે આવો કારણપરમાત્મા છે. જ્યારે અંતર્મુખ થઈને પોતે પોતાનું ધ્યાન કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. અંતરમાં કારણપરમાત્માને ધ્યાવી–ધ્યાવીને જ અનંતા જીવો સિદ્ધ થયા છે ને થશે.

જેમ બડવાનીજી તીર્થમાં આદિનાથ ભગવાનની મોટી મૂર્તિ મૂળ ચૂલગિરિ પર્વતમાંથી જ કોતરી કાઢી છે, બહારથી નથી આવી; તેમ ચૈતન્યસ્વરૂપ આત્મા ચૂલગિરિ જેવો કારણપરમાત્મા છે, તેના સ્વભાવમાંથી કોતરીને સિદ્ધપદ પ્રગટે છે, સિદ્ધપદ બહારથી નથી આવતું. સનતકુમાર અને મઘવા એ બે ચક્રવર્તીઓ છ–છ ખંડના રાજને ક્ષણમાત્રમાં છોડીને મુનિ થયા ને આત્માને ધ્યાવીને અહીંથી સિદ્ધપદ પામ્યા; એ જ રીતે દશ કામદેવ અને કરોડો મુનિવરો પણ અહીંથી સિદ્ધપદ પામ્યા; તે બધાય અંદરમાં કારણ હતું તેને ધ્યાવીને જ કાર્યપરમાત્મા (સિદ્ધ) થયા છે. અને તેની પ્રતીત કરતાં આ જીવને પણ સ્વભાવમાં અંતમુર્ખતા થઇને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ સિદ્ધિનો માર્ગ પ્રગટ થાય છે. આવા માર્ગથી અનંતા જીવો સિદ્ધપુરીમાં પહોંચ્યા છે; ને અત્યારે પણ એ માર્ગ ચાલી જ રહ્યો છે.

[યાત્રામહોત્સવ દરમિયાન, સિદ્ધવરકૂટ–ધામમાં ઘણા સુંદર વાતાવરણ વચ્ચે ચાલતા પ્રવચનમાં ગુરુદેવ સિદ્ધપદ પ્રત્યેની ભાવભીની ધૂન વ્યક્ત કરી રહ્યા છે, ને શ્રોતાઓ એકતાન થઈને આનંદપૂર્વક ઝીલી રહ્યા છેઃ અહા! જાણે સિદ્ધભક્તિનો શાંતરસ વહી રહ્યો છે...)

સિદ્ધપદના સાધક સંતો કહે છે કે, સર્વે સિદ્ધભગવંતોને મારા આત્મામાં સ્થાપીને, તેમની પંક્તિમાં બેસીને, હું તેમને વંદન કરું છું, તેમનો આદર કરું છું. આ રીતે જેણે સિદ્ધપદનો આદર કર્યો તેણે સંયોગની અને વિકારની બુદ્ધિ છોડીને ઉત્કૃષ્ટ ચૈતન્યસ્વભાવમાં આરોહણ કર્યું. એ જ સિદ્ધ–વર–કૂટની યાત્રા છે.

સાધકભાવ પ્રગટ કરીને સિદ્ધપદનો યાત્રિક કહે છે કે અહો સિદ્ધભગવંતો! મેં મારા અંતરના આંગણે આપને પધરાવ્યા છે.

‘તારું આંગણું કેવડું?’ તો સાધક કહે છે કે અનંતા સિદ્ધભગવાન સમાય તેવડું. પૂર્ણાનંદને પામેલા સિદ્ધપરમાત્માને પોતાના આંગણે પધરાવતાં ધર્મી જીવ પોતાની જવાબદારી સહિત કહે છે કે હે સિદ્ધભગવંતો! મારા આંગણે પધારો....

આવો આવો શ્રી સિદ્ધભગવાન અમ ઘેર આવો રે...
રૂડા ભક્તિવત્સલ ભગવંત નાથ! પધારો ને...
અંતર્મુખ કરી મુજ જ્ઞાન તુજને વંદું રે...
મારા અંતરે સિદ્ધભગવાન જોઇ–જોઇ હરખું રે...

મારા આત્મામાંથી હું વિકારને કાઢી નાંખીને આપને જ સ્થાપું છું,–હે નાથ! પધારો મારા અંતરે! નિર્મળ શ્રદ્ધા–જ્ઞાનરૂપ મારા અંતરના આંગણે આપને બિરાજમાન દેખીને હું આનંદિત થાઉં છું. આ રીતે સાધક ધર્માત્મા પોતાના આંગણે સિદ્ધભગવાનને પધરાવીને પોતે પણ સિદ્ધપદને સાધે છે. એ જ સિદ્ધિધામની અપૂર્વ યાત્રા છે.

# વિવિધ સમાચાર

* પૂ. ગુરુદેવ સુખશાંતિપૂર્વક વિચરી રહ્યા છે. જુનાગઢ પછી ભોપાલ–ખુરઇ અને સનાવદમાં શ્રી જિનબિંબપ્રતિષ્ઠા થયેલ છે. આ રીતે મહા માસમાં ચાર ઠેકાણે જિનબિંબપ્રતિષ્ઠા થયેલ છે. હવે ચૈત્ર માસમાં બેંગ્લોરમાં પ્રતિષ્ઠામહોત્સવ થશે. ત્યારબાદ ગુરુદેવ મુંબઇ–અમદાવાદ પધારશે. આ વખતે હું પૂજ્ય ગુરુદેવ સાથે પ્રવાસમાં સામેલ થયેલ નથી તેથી દરેક સ્થાનના વિગતવાર સમાચારો આપવાનું બની શક્યું નથી. જે–જે સ્થાનેથી વિગતવાર સમાચારો કે ફોટાઓ પ્રાપ્ત થશે તેનો યોગ્ય ઉપયોગ કરીશું.–સંપાદક

* દ્રોણગીરી–સિદ્ધક્ષેત્રઃ બુદેલખંડના આ સિદ્ધક્ષેત્રમાં તા. ત્રીજી માર્ચે ઇંદોરનું અને ગુજરાતનું–એમ બંને ધર્મચક્રનું મિલન થતાં વીસહજાર જેટલા યાત્રિકોને ઘણો હર્ષ થયો; મહાવીર–ધર્મચક્રના સ્વાગતનું ઉલ્લાસપૂર્ણ જુલૂસ નીકળ્યું હતું. ગુરુદત્તમુનિના મોક્ષધામમાં બે ધર્મચક્રના મિલનનો આ પહેલો જ પ્રસંગ હતો. આ પ્રસંગે ભાઈ શ્રી બાબુભાઈના હસ્તે મહાવીરપ્રભુના ધર્મસ્તંભનું શિલાન્યાસ પણ થયું હતું. બીજા પણ અનેક સ્થળેથી ધર્મચક્રના ભાવભીના સ્વાગતના સમાચારો આવેલા છે. સાગર શહેરમાં ગુરુદેવના તથા ગુજરાતના ધર્મચક્રના સ્વાગતમાં હજારો માણસોએ ઘણા ઉમંગથી ભાગ લીધો હતો. શ્રી ભગવાનદાસજી શેઠને ધર્મપ્રભાવના માટે ઘણો ઉત્સાહ હતો.

* સોનગઢમાં કહાન રાહત કેન્દ્ર ચાલે છે. ચારસો જેટલી ગાયો કારમી પરિસ્થિતિ વચ્ચે જીવી રહી છે. તેમને જીવાડવા પૂરતો ઘાસચારો આપવાની જરૂર છે; ને હવે માત્ર ત્રણેક માસ ખાસ ધ્યાન રાખવા જેવું છે. તો ઉદારદિલ મુમુક્ષુઓ આ બાબતમાં ધ્યાન આપશે એવી આશા છે. રકમ કે ડ્રાફટ વગેરે મોકલવાનું સરનામું

શ્રી કહાનરાહતકેન્દ્ર ટ્રસ્ટ, સોનગઢ (૩૬૪૨૫૦)



# યુદ્ધ અને વૈરાગ્ય

ભગવાન ઋષભદેવના બે પુત્રો–ભરત અને બાહુબલી...બંને ચરમશરીરી; આત્માને જાણનારા બહાદૂર અને વૈરાગી. માન–અપમાનના પ્રશ્ને બંને ભાઈઓ લડયા. એકવાર લડયા...બે વાર લડયા... ત્રણવાર લડયા. સમ્યક્ આત્મા ઉપર જેમની દૃષ્ટિ છે એવા તે બંને, સામસામી દૃષ્ટિ માંડીને દૃષ્ટિયુદ્ધ લડયા...ભરતની હાર થઇ.



ભવજળને તરનારા બંને ભાઈઓએ જલયુદ્ધ કર્યું...ભરતરાજ તેમાંય હારી ગયા...મોહમલ્લનું મર્દન કરનારા બંને ભાઈઓએ મલ્લયુદ્ધ કર્યું...તેમાંય બાહુબલીએ ભરતરાજને ખંભા પર ઉપાડીને હરાવી દીધા...





'અરે, હું ચક્રવર્તી...ને મારું આવું અપમાન! એમ ત્રણે યુદ્ધમાં હારેલા ભરતે ક્રોધિત થઈને બાહુબલીને મારવા માટે ચક્ર ફેંકયું...પણ...

( – શું થયું ? તે માટે જુઓ પાછળ )

# અસાર...અસાર રે સંસાર !



સુનો સુનો રે સંસાર
અસાર અસાર રે સંસાર...

ચેતનપદ એક છે સાર,
સુંદર જેમાં શાંતિ અપાર.



લડતાં-લડતાં હારેલા ભરતચક્રવર્તીએ પોતાના ભાઈ ઉપર ચક્ર છોડયું... ચારેકોર હાહાકાર થઇ ગયો....પણ, જેમ શાંતિ પાસે ક્રોધનું કાંઇ ચાલતું નથી તેમ, તે ચક્ર ચરમશરીરી બાહુબલીને કંઈ પણ ન કરતાં, શાંત થઈને પાછું ચાલ્યું ગયું...

ચક્ર તો ગયું પણ, યુદ્ધના વાતાવરણમાં તરત જ એક મહાન પરિવર્તન થઇ ગયું.

વિજેતા બાહુબલીનું ચિત્ત તે જ ક્ષણે સંસારથી વિરક્ત થઈ ગયું: વૈરાગ્યથી તેઓ વિચારવા લાગ્યા-અરે, આ સંસાર કેવો અસાર છે! જેમાં પૃથ્વીના એક ટુકડા માટે કે માન-અપમાન માટે ભાઈ-ભાઈ ને મારવા પણ તૈયાર થઈ જાય છે. અરે, ક્યાં ચૈતન્યતત્ત્વની પરમ શાંતિ! ને ક્યાં આ કષાયની અશાંતિ! બસ, હવે આવા અશાંત સંસારમાં મારે એકક્ષણ પણ રહેવું નથી. હું મારા ચૈતન્યની અતીન્દ્રિય શાંતિમાં જ રહીશ...ને મોક્ષપદને સાધીશ.

બસ, આવા વૈરાગ્યથી સંસાર છોડીને બાહુબલી ગયા તે ગયા! એક વર્ષ સુધી આત્મધ્યાનમાં રહીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું...અને સદાને માટે સંસારથી મુક્ત થયા. ધન્ય તેમનો વૈરાગ્ય! ધન્ય તેમની વીરતા!

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) ફાગણ
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૬૦૦